
*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




આવો પધારો શ્રી વર્ધમાન જિનરાજ,
વઢવાણના ભક્તજનો સૌ પ્રેમે વધાવે આજ.

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર
વીર સં. ૨૫૦૨, ફાગણ ( લવાજમ : છ રૂપિયા ) વર્ષ ૩૩ : અંક ૫

શ્રી કુંદકુંદાચાર્યના ચરણચિહ્નની વિધિ



પૂજ્ય ગુરુદેવના પવિત્ર કરકમળે

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૩
અંક ૫




વીર સં. ૨૫૦૨
: ફાગણ :
ઇ. સ. 1976
MAR.

# અભૂતાર્થ ભાવોની હૈયાતીમાં પણ ભૂતાર્થસ્વભાવનો અનુભવ થઈ શકે છે.

પુદ્‌ગલથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય, સર્વતઃ અસ્ખલિત એક ચૈતન્યાકાર, નિત્ય વ્યવસ્થિત, ગુણ–ભેદ રહિત, સ્વયં બોધરૂપ એવા ત્રિકાળી આત્માને યથાર્થ દ્રષ્ટિમાં લેવાથી આત્માની સાચી અનુભૂતિ થાય છે. તે અનુભૂતિ શુદ્ધનય છે, ને તે અનુભૂતિ આત્મા જ છે. ખરેખર તો અનુભૂતિનો વિષય ત્રિકાળી ધ્રુવભાવ જ છે. પરંતુ અનુભૂતિની પર્યાયમાં ‘અનુભૂતિની પર્યાય તે હું’ એમ અનુભવ થતો નથી, પણ ‘જ્ઞાયક–ભાવ–આત્મા તે જ હું’ એમ અનુભવ થાય છે, તેથી અનુભૂતિ તે આત્મા એમ અહીં કહ્યું છે. વળી અનુભૂતિ તે શુદ્ધનય છે એમ કહ્યું. કારણ કે શુદ્ધનયનો જે વિષય છે–ત્રિકાળી જ્ઞાયક–ભાવ, તેને અનુભૂતિ જાણે છે, માટે અનુભૂતિ શુદ્ધનય છે. આવી અનુભૂતિ કેમ થાય? –તેની વાત શ્રી સમયસારની ૧૪ મી ગાથામાં સ્પષ્ટ સમજાવી છે.

[ ૧૧–૧–૭૬ થી તા. ૧૭–૧–૭૬ ના પ્રવચનમાંથી ]

આત્માને કેવા સ્વરૂપે જાણવાથી અર્થાત્ દ્રષ્ટિમાં લેવાથી સમ્યગ્દર્શન થાય છે તે વાત આચાર્ય દેવ આ ગાથામાં સમજાવે છે.

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,**

**અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.**

જે જ્ઞાનની પર્યાય અબદ્ધ, અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા આત્માને દેખે છે તેને હે શિષ્ય! તું શુદ્ધનય જાણ. વર્તમાન એક સમયની પર્યાય વખતે જ પર્યાયના ભેદો રહિત, અનેકપણા રહિત આત્માને જે દેખે છે એટલે કે એવા એકરૂપ ત્રિકાળી અભેદ આત્માને જે અનુભવે છે તે જ અનુભૂતિ છે. આ અનુભૂતિ તે શુદ્ધનય છે ને તે અનુભૂતિ આત્મા જ છે.

જુઓ, અહીં અનુભૂતિ ને શુદ્ધનય તથા આત્મા કહ્યો છે, કારણ કે શુદ્ધનયનો જે વિષય ત્રિકાળી આત્મા છે તેને જ અનુભૂતિએ જાણ્યો છે. એટલે કે શુદ્ધનયનો વિષય તે જ અનુભૂતિનો વિષય છે; માટે અનુભૂતિ તે શુદ્ધનય છે. વળી તે અનુભૂતિ આત્મા જ છે એમ પણ કહ્યું. કારણ કે અનુભૂતિમાં એમ જાણે છે કે 'આત્મા તે જ હું છું'; અનુભૂતિ એમ નથી જાણતી કે અનુભૂતિની પર્યાય તે હું (–આત્મા) છું. આમ આત્મા તે જ હું છું એમ જાણતી અનુભૂતિની પર્યાય આત્માની જાતની જ પ્રગટ થઈ હોવાથી અનુભૂતિ તે આત્મા જ છે એમ કહ્યું છે.

અનુભૂતિનો વિષય, સમ્યગ્દર્શનનો વિષય તો અનુભૂતિની પર્યાયથી પણ રહિત ત્રિકાળી એકરૂપ અભેદ જ્ઞાયકભાવ જ છે. પરંતુ અનુભૂતિની જે પર્યાય પ્રગટ થાય છે તે આત્માની જાતની પ્રગટ થાય છે, આત્માને લક્ષ બનાવીને પ્રગટ થાય છે ને પર્યાયો વિનાનો અભેદ આત્મા તે જ હું એમ અનુભૂતિમાં જણાય છે તેથી અનુભૂતિ તે આત્મા જ છે એમ કહ્યું છે.

એ રીતે અબદ્ધ–અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ ને અસંયુક્ત એવા આત્માની અનુભૂતિ દ્વારા એક આત્મા જ પ્રકાશમાન થાય છે.

ત્યારે આત્મ–જિજ્ઞાસુ જીવ પ્રશ્ન કરે છે કે હે પ્રભો! આપે જે અબદ્ધ–અસ્પૃષ્ટ આદિ ભાવવાળો આત્મા કહ્યો તેનો અનુભવ કેમ થઈ શકે? કારણ કે અમને તો બદ્ધ–સ્પૃષ્ટત્વ, અન્યત્વ, અનિયત્વ, વિશેષત્વ તથા સંયુક્તત્વ એવા ભાવોરૂપે જ આત્મા દેખાય છે. ત્યારે આચાર્ય દેવ કહે છે કે બદ્ધસ્પૃષ્ટાદિ ભાવો ઉપર ઉપર તરતા ભાવો છે, સ્વભાવમાં પ્રવેશ પામતા નથી, વિનાશી છે તેથી અભૂતાર્થ છે, તે ભાવો પર્યાયમાં જ છે, ત્રિકાળીમાં તેઓ નથી. તેઓ કાયમી નથી તેથી અસત્યાર્થ હોવાથી ભૂતાર્થ–

સ્વભાવના આશ્રયે અબદ્ધ–અસ્પૃષ્ટત્વાદિ ભાવસ્વરૂપ આત્માની અનુભૂતિ જરૂર થઈ શકે છે. કેવી રીતે ? –તે વાત દૃષ્ટાંતથી સમજાવે છે.

હવે કમલપત્ર, માટી, સુવર્ણ, સમુદ્ર તથા જળના સ્વભાવના દૃષ્ટાંત દ્વારા દૃષ્ટિના વિષયભૂત આત્મસ્વભાવને સરળપણે ટીકાકાર આચાર્ય દેવ ટીકામાં સમજાવે છે.

## ❀ જળ-કમલપત્રવત્ અબદ્ધસ્પૃષ્ટ ❀

### જળમાં ડૂબેલું કમળનું પાંદડુ જળથી અલિપ્ત-અસ્પૃષ્ટ છે.

જેમ સરોવરમાં કમળનું પાન ડૂબેલું હોય ત્યારે પાણીના સ્પર્શવારૂપ અવસ્થાથી દેખતાં કમળપત્રને જળથી સ્પર્શાયેલાપણું ભૂતાર્થ છે, સત્યાર્થ છે. કમળપત્ર જળની અંદર ડૂબેલું હોવાથી જળને કમળનો સ્પર્શવારૂપ વ્યવહાર સંબંધ દેખાતો હોવાથી કમળપત્રને જળનું સ્પર્શવાપણું ભૂતાર્થ છે. તોપણ જળથી જરાપણ નહીં સ્પર્શાવા યોગ્ય કમળપત્રના સ્વભાવથી જોતાં કમળપત્રને જળનો સ્પર્શ બિલકુલ થયો જ નથી, તેથી કમળપત્રને જળનું સ્પર્શવાપણું અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. કમળના પાનમાં લૂખાશવાળા બારીક રુવાંટી હોવાથી કમળપત્ર પાણીની અંદર ડૂબેલું હોય છતાં કમળપત્રનો લૂખાશનો સ્વભાવ મટી જતો ન હોવાથી તેને જળની ભીનાશ સ્પર્શી શકતી જ નથી. કમળપત્રના આવા વિશિષ્ટ સ્વભાવની દૃષ્ટિથી જોતાં કમળપત્રને જળનો સ્પર્શ થયો જ નથી તેથી તેને જળથી સ્પર્શાવાપણું અસત્યાર્થ છે. પાણીની અંદર ડૂબેલું છે ત્યારે પણ તે જળથી ભીનું થતું જ નથી, માત્ર પાણીમાં ડૂબેલું છે તેટલો વ્યવહારે સંબંધ દેખીને સ્પર્શાવાપણું ભૂતાર્થ કહ્યું હતું; પરંતુ કમળપત્રના સ્વભાવની દૃષ્ટિથી જોતાં તે જળમાં ડૂબેલું હોય ત્યારે પણ તેને જળથી સ્પર્શાવાપણું છે જ નહીં. માટે કમળપત્રને જળથી સ્પર્શાવાપણું જૂઠું છે, અભૂતાર્થ છે.

તેવી રીતે અનાદિથી બંધાયેલા આત્માનો પુદ્‌ગલકર્મથી બંધાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં તેને બદ્ધ–સ્પૃષ્ટપણું ભૂતાર્થ છે. પર્યાય તરફ જોતાં, વર્તમાન પર્યાયમાં આત્માને કર્મ સાથે સંબંધ હોવાથી આત્માને બદ્ધસ્પૃષ્ટત્વ ભૂતાર્થ છે, સત્યાર્થ છે. તોપણ, દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરતાં–પુદ્‌ગલકર્મથી જરાયે નહીં સ્પર્શાવાયોગ્ય એવા આત્મસ્વભાવની દૃષ્ટિ કરતાં–બદ્ધસ્પૃષ્ટપણું અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. અવસ્થાદૃષ્ટિ છોડીને આત્માના સ્વભાવની દૃષ્ટિથી જોતાં આત્માને બદ્ધસ્પૃષ્ટત્વ જૂઠું છે, અભૂતાર્થ છે. પુદ્‌ગલકર્મ સાથે બંધાવા–સ્પર્શાવારૂપ વ્યવહારથી પર્યાયમાં સંબંધ હોવાથી, અવસ્થાદૃષ્ટિથી દેખતાં તે ભૂતાર્થ છે; તોપણ આત્મસ્વભાવની દૃષ્ટિથી જોતાં

પુદ્‌ગલકર્મ સાથે બંધાવા–સ્પર્શાવા યોગ્ય સંબંધ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. બંને એકી સાથે છે. રાગ ને કર્મ સાથે સંબંધ, અવસ્થાદ્રષ્ટિથી જોતાં દેખાય છે; પરંતુ દ્રવ્યસ્વભાવથી જોતાં તે જ સમયે રાગ ને પુદ્‌ગલ કર્મનો સંબંધ આત્માને નથી; માટે તે જૂઠો છે. વર્તમાન અવસ્થાદ્રષ્ટિથી દેખતાં કર્મ સાથે બંધાવા–સ્પર્શવારૂપ સંબંધ છે પરંતુ તેમાં આત્મા જણાતો નથી, પર્યાયદ્રષ્ટિથી આત્મા દેખાતો નથી. વસ્તુદ્રષ્ટિથી જોતાં આત્મા દેખાય છે, જણાય છે, ત્યારે આત્મામાં બદ્ધ–સ્પૃષ્ટત્ત્વ દ્રષ્ટિગોચર થતાં નથી માટે તે જૂઠાં છે, અભૂતાર્થ છે.

એ રીતે બદ્ધ–સ્પૃષ્ટપણું અભૂતાર્થ હોવાથી સ્વભાવદ્રષ્ટિએ વર્તમાનમાં જ આત્મા અબદ્ધ–અસ્પૃષ્ટ છે. માટે આત્માની અબદ્ધસ્પૃષ્ટરૂપ અનુભૂતિ થઈ શકે છે.

## ❀ માટીની જેમ અનન્ય ❀

**માટીના વાસણોની ભિન્ન ભિન્ન અવસ્થામાં માટી તો એક માટીરૂપે અનન્ય જ છે.**

જેમ માટીનો ઘડો, કમંડળ, ઝારી, રામપાત્ર આદિ ભિન્ન ભિન્ન અવસ્થાઓથી જોતાં માટીની પર્યાયમાં તે રૂપ ભિન્ન ભિન્ન કાર્યો છે તેથી તેઓ સત્યાર્થ છે, ભૂતાર્થ છે; ભિન્ન ભિન્ન અવસ્થાદ્રષ્ટિથી દેખતાં ભિન્ન ભિન્ન કાર્યો છે ખરા, માટે તેઓ ભૂતાર્થ છે; તોપણ માટીના એકરૂપ સ્વભાવની દ્રષ્ટિથી જોતાં, માટીના એક સ્વરૂપને દેખતાં ભિન્ન ભિન્ન કાર્યરૂપ અવસ્થા માટીમય એકરૂપ સ્વભાવમાં દેખાતી નથી માટે તે અભૂતાર્થ છે, જૂઠી છે. માટીને તેના એકમાટીરૂપ સ્વરૂપથી જોતાં વાસણરૂપ ભેદો તેમાં દેખાતા ન હોવાથી ભિન્ન ભિન્ન અવસ્થારૂપ કાર્યો જૂઠાં છે, અભૂતાર્થ છે.

તેવી રીતે, આત્મામાં નર, નારક આદિ ગતિરૂપ–આત્માની યોગ્યતારૂપ–પર્યાયદ્રષ્ટિથી જોતાં અનેરા અનેરા ભાવો–અવસ્થાઓ સત્યાર્થ છે, ભૂતાર્થ છે. પર્યાયદ્રષ્ટિથી જોતાં પર્યાયોના બીજા–બીજાપણારૂપ અવસ્થાઓ સત્યાર્થ છે. તોપણ, નર–નારકાદિ પર્યાયોરૂપ નહીં થતા જ્ઞાયક...જ્ઞાયક...જ્ઞાયકરૂપ એક સ્વભાવનો અનુભવ કરતાં નર–નારકાદિ પર્યાયોનું અન્ય–અન્યપણું અભૂતાર્થ છે, જૂઠું છે. ત્રણેકાળે પર્યાય–ભેદોથી જરાય ભેદરૂપ નહીં થતા એવા અસ્ખલિત એક ચૈતન્યાકાર આત્મસ્વભાવનો અનુભવ કરતાં અર્થાત્ એવા આત્મસ્વભાવની દ્રષ્ટિ કરતાં ગતિરૂપ અન્ય–અન્યપણું અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. પર્યાયદ્રષ્ટિથી જોતાં ગતિરૂપ અન્યપણું ભૂતાર્થ હોવા છતાં તેમાં આત્મા ખંડ–ખંડ જણાય છે, અખંડ જણાતો નથી; માટે તેઓ અભૂતાર્થ છે.

એક અખંડ ચૈતન્યાકાર આત્મસ્વભાવની સમીપ જઈને જોતાં–એટલે કે અનાદિથી પર્યાયનું લક્ષ હોવાથી આત્માની સમીપ જઈ શકયો નથી, હવે પર્યાયનું લક્ષ છોડીને આત્માનું લક્ષ કરતાં આત્માની સમીપ થયો ત્યારે આત્મસ્વભાવનો અનુભવ થતાં–અન્ય–અન્યરૂપ પર્યાયભેદો અભૂતાર્થ છે. પર્યાયભેદો પર્યાયમાં ભલે હો, ભેદ ભેદમાં ભલે હો, પરંતુ અભેદની દ્રષ્ટિ કરતાં અભેદમાં ભેદ અવિદ્યમાન હોવાથી પર્યાયભેદો અભૂતાર્થ છે, જૂઠા છે.

એ રીતે દ્રવ્યસ્વભાવમાં પર્યાયોનું અન્ય–અન્યપણું અભૂતાર્થ હોવાથી, વર્તમાનમાં જ આત્મા અનન્ય છે, માટે તે અનન્યસ્વભાવરૂપ આત્માની અનુભૂતિ થઈ શકે છે.

## ❀ સમુદ્રની માફક નિયત ❀

**ભરતી-ઓટરૂપ અવસ્થામાં પણ સમુદ્ર તો અચળ-નિયત સ્વભાવે જ રહ્યો છે.**

સમુદ્રને અવસ્થાદ્રષ્ટિથી જોતાં એટલે કે પૂર્ણિમાના દિવસે સમુદ્રમાં ભરતી આવે છે અને અમાસના દિવસે સમુદ્રમાં ઓટ આવે છે એવી સમુદ્રની ભરતી–ઓટરૂપ અવસ્થાદ્રષ્ટિથી જોતાં અનિયતપણું (અનિશ્ચળપણું–ચળાચળપણું) સત્યાર્થ છે, ભૂતાર્થ છે. તોપણ, ભરતી–ઓટરૂપ અવસ્થા વડે અગાધ, નિશ્ચળ સમુદ્ર ખ્યાલમાં આવી શકતો નથી. વળી નિયત–સ્થાયી એવા સમુદ્રના સ્વભાવની દ્રષ્ટિથી જોતાં સમુદ્ર તો સદાય ચળાચળ રહિત નિયત સ્વભાવી જ છે, તેથી હાનિ–વૃદ્ધિરૂપ અવસ્થાઓ, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, જૂઠી છે.

તેવી રીતે, નવ–પૂર્વ ને અગિયાર–અંગના ક્ષયોપશમરૂપ જ્ઞાનની અવસ્થાના લક્ષે જોતાં વૃદ્ધિરૂપી પર્યાય ભૂતાર્થ છે; તથા નિગોદના જીવને અક્ષરના અનંતમા ભાગરૂપ જ્ઞાનનો ક્ષયોપશમ છે તે અવસ્થાથી જોતાં હાનિરૂપ પર્યાય ભૂતાર્થ છે. એ રીતે હાનિ–વૃદ્ધિરૂપ પર્યાયભેદોથી આત્માનો અનુભવ કરતાં અનિયતપણું ભૂતાર્થ છે, સત્યાર્થ છે. પર્યાયમાં હાનિ–વૃદ્ધિરૂપ ભેદો છે ખરા; માટે પર્યાયદ્રષ્ટિથી જોતાં અનિયતપણું ભૂતાર્થ છે, સત્યાર્થ છે. તોપણ, એક નિત્ય–નિશ્ચલ, નિત્ય વ્યવસ્થિત આત્મસ્વભાવની સમીપ જઈને આત્માનો અનુભવ કરતાં હાનિવૃદ્ધરૂપ પર્યાયભેદો અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. જ્યાં સુધી અનિયતપણાની રુચિ હતી, લક્ષ હતું ત્યાં સુધી આત્માથી દૂર હતો. હવે જ્યારે અનિયતપણાની રુચિ છોડીને, તેનાથી ભિન્ન પડીને નિયતસ્વભાવની સમીપ જઈને એટલે કે સન્મુખ દ્રષ્ટિ કરીને આત્મસ્વભાવનો

અનુભવ કર્યો ત્યારે હાનિવૃદ્ધિરૂપ પર્યાયભેદો–અનિયતપણું અભૂતાર્થ, અસત્યાર્થ ભાસ્યું; કારણ કે નિયતસ્વભાવની દ્રષ્ટિ કરતાં તેઓ દેખાતા નથી.

એ રીતે અનિયત પર્યાયોનું અભૂતાર્થપણું હોવાથી વર્તમાનમાં જ આત્મા નિયત છે તેવી અનુભૂતિ થઈ શકે.

## ❀ સુવર્ણની જેમ અવિશેષ ❀

જેમ પીળાશ, ચીકાશ, ભારેપણું આદિ ગુણરૂપ ભેદોથી સુર્વણને દેખતાં વિશેષપણું સત્યાર્થ છે, ભૂતાર્થ છે; કારણ કે પીળાશ, ચીકાશ, ભારેપણું આદિ વિશેષગુણો સુવર્ણ સિવાય અન્ય પદાર્થમાં નથી. તોપણ ગુણો–ભેદોથી દેખાતાં સામાન્ય સુવર્ણસ્વભાવ જાણી શકાતો નથી. વળી જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે, ગૌણ થઈ ગયા છે એવા સામાન્ય સુવર્ણસ્વભાવની દ્રષ્ટિથી જોતાં વિશેષો દેખાતાં નથી તેથી તે અસત્યાર્થ છે, અભૂતાર્થ છે.

તેવી રીતે, જ્ઞાન–દર્શન આદિ ગુણરૂપ ભેદોથી આત્માને દેખતાં તે વિશેષો–ગુણ–ભેદો સત્યાર્થ છે, ભૂતાર્થ છે; કારણ કે બીજા પાંચ દ્રવ્યોમાં આ વિશેષ ગુણો નથી ને આત્મામાં છે તેથી તેઓ સત્યાર્થ છે. તોપણ આત્માને વિશેષપણે ગુણભેદરૂપ દેખતાં તેનો એક સામાન્ય આત્મસ્વભાવ જાણી શકાતો નથી, માટે તેઓ અભૂતાર્થ છે. ગુણભેદો જેમાં વિલય–ગૌણ–અસ્ત થઈ ગયા છે એવા અભેદ એક સામાન્ય ચૈતન્યસ્વભાવના લક્ષે આત્માનો અનુભવ કરતાં ગુણભેદરૂપ વિશેષો અભૂતાર્થ છે, જૂઠા છે. અભેદ આત્માનો અનુભવ કરતાં ભેદો દેખાતાં નથી તેથી તેઓ અભેદમાં અવિદ્યમાન હોવાથી અસત્યાર્થ છે.

જેમ કોઈ સોનાનાં ઘરેણાં સોનાના કારીગર પાસે વેચવા જાય તો કારીગર ઘરેણાંની ઘડાઈ તથા મજૂરીની કિંમત આંકતો નથી પણ માત્ર શુદ્ધ સોનાની કિંમત આંકે છે. તેમ જ્ઞાનીની દ્રષ્ટિમાં જ્ઞાયકભાવ હોવાથી, જ્ઞાન–દર્શનાદિ ગુણભેદ હોવા છતાં જ્ઞાનીની દ્રષ્ટિ વિશેષ પર નહીં હોવાથી તે એક અભેદ જ્ઞાયકભાવને અનુભવે છે. તેથી જ્ઞાનીની દ્રષ્ટિમાં જ્ઞાયકભવ જ ભૂતાર્થ છે ને જ્ઞાન–દર્શન આદિરૂપ વિશેષો અભૂતાર્થ છે.

એ રીતે વિશેષપણું અભૂતાર્થ હોવાથી વર્તમાનમાં જ આત્મા અવિશેષ છે એવી અનુભૂતિ થઈ શકે છે.

## ❀ જળની જેમ અસંયુક્ત ❀

**ઉષ્ણ અવસ્થા વખતે જ પાણી સ્વભાવે શીતળ જ છે.**

પાણીની પર્યાયમાં તેના ષટ્કારક દ્વારા, અગ્નિના નિમિત્તે ઉષ્ણતારૂપ અવસ્થા થાય છે, તેથી અવસ્થાદૃષ્ટિથી જોતાં પાણીને ઉષ્ણતા સાથે સંયુક્તપણું છે; તેથી તે ભૂતાર્થ છે. અગ્નિનું નિમિત્ત પામીને પર્યાયમાં પોતાના ષટ્કારક દ્વારા પાણી ઉષ્ણરૂપે થાય છે તેથી અવસ્થાદૃષ્ટિથી દેખતાં પાણીને ઉષ્ણતા સાથે સંયુક્તપણું ભૂતાર્થ છે. તોપણ, પાણીની પર્યાયમાં વર્તતી ઉષ્ણતાના કાળે જ એકાંત શીતળતારૂપ જળસ્વભાવની દૃષ્ટિથી જોતાં પાણીને ઉષ્ણતા સાથે અસંયુક્તપણું છે એટલે કે સંયુક્તપણું અભૂતાર્થ છે; કારણ કે ગરમ અવસ્થા વખતે ઉષ્ણતાપણું જો પાણીના સ્વભાવમાં પેસી જતું હોય તો ઉષ્ણજળને અગ્નિ પર રેડવાથી અગ્નિ બુઝાઈ ન જાય; પરંતુ પાણીમાં શીતળસ્વભાવ–બૂઝવવાનો સ્વભાવ સદાય વિદ્યમાન હોવાથી અગ્નિને બૂઝવી નાખે છે. તેથી એકાંત શીતળસ્વભાવી જળને ઉષ્ણતા સાથે સંયુક્તપણું અભૂતાર્થ–અસત્યાર્થ સિદ્ધ થાય છે.

તેવી રીતે, કર્મનું નિમિત્ત પામીને થતા મિથ્યાત્વના કારણે–મોહના કારણે પર્યાયમાં પુણ્ય–પાપરૂપ વિકારીભાવ પર્યાયમાં વિદ્યમાન હોવાથી તે સત્યાર્થ છે, ભૂતાર્થ છે. પર્યાયદૃષ્ટિથી આત્માને જોતાં આત્માને વિકારીભાવ સાથે સંયુક્તપણું સત્યાર્થ છે, ભૂતાર્થ છે. તોપણ, વિકૃતભાવ હોવા છતાં ત્યાંથી દૃષ્ટિ ઉઠાવીને એકાંતે બોધરૂપ જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ કરતાં એક જ્ઞાનસ્વભાવનો અનુભવ થાય છે, વિકારનો અનુભવ થતો નથી, માટે તેઓ અભૂતાર્થ છે. એટલે કે ત્રિકાળ બોધરૂપ (જ્ઞાનસ્વરૂપ) જીવસ્વભાવની દૃષ્ટિ કરતાં આત્માને કર્મજનિત પુણ્ય–પાપરૂપ વિકૃતભાવ સાથે અસંયુક્તપણું છે, સંયુક્તપણું નથી; તેથી સંયુક્તપણું અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, જૂઠું છે.

એ રીતે રાગાદિ સંયુક્તપણું અભૂતાર્થ હોવાથી વર્તમાનમાં જ આત્માને અસંયુક્તપણું છે એવી અનુભૂતિ થઈ શકે છે.

બદ્ધ–સ્પૃષ્ટ, અન્ય, અનિયત, વિશેષ તથા સંયુક્તપણું એ પાંચે ભાવ પર્યાયમાં છે ખરા; સર્વથા નથી જ એમ નથી. જ્યાં સુધી પર્યાયદૃષ્ટિ છે ત્યાં સુધી બદ્ધસ્પૃષ્ટત્વાદિ પાંચે ભાવો પર્યાયમાં હોવાથી વ્યવહારે તેઓ ભૂતાર્થ છે, સત્યાર્થ છે. પર્યાયદૃષ્ટિથી આત્માને દેખતાં આત્મા ખંડખંડરૂપ જણાય છે, તેથી એક અખંડ જ્ઞાયકભાવનો અનુભવ થઈ શકતો નથી. પરંતુ જ્ઞાયકભાવની દૃષ્ટિ કરીને જ્ઞાયકભાવને અનુભવમાં લેતાં બદ્ધસ્પૃષ્ટત્વાદિ પાંચે ભાવો દેખાતા નથી; તેથી તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. *

# પૂર્ણતાની પ્રાપ્તિ અર્થે, નિજ પરમાત્માની પ્રતીતિ પૂર્વક,
# ધર્મીની પ્રભુભક્તિ

નિજ આત્મા પોતે જ પરમાત્મસ્વરૂપ છે એવી જેને સમ્યક્ પ્રતીતિ થઈ છે, પરથી ને રાગથી ભિન્ન પરિપૂર્ણ, અખંડ, જ્ઞાયકસ્વભાવની સન્મુખ થઈને જેણે નિશ્ચયસ્તુતિ પ્રગટ કરી છે એવા ધર્માત્માને જ પરમાત્માની સાચી વ્યવહાર–સ્તુતિ હોય છે. ધર્મીની પરમાત્માની સ્તુતિ પણ શુભરાગ જ છે, પરંતુ જ્યાંસુધી પોતાને પર્યાયમાં પૂર્ણતા પ્રગટી નથી ત્યાંસુધી પરમાત્મા પ્રત્યે ભક્તિનો શુભરાગ આવ્યા વિના રહેતો નથી. ધર્માત્માને પરમાત્માની ભક્તિનો કેવો ભાવ હોય છે ને પરમાત્માની ભક્તિ વખતે પણ નિજ પરમાત્માનું કેવું ઘોલન હોય છે તેનો આ '**ऋषभस्तोत्र**' નામનો પદ્મનંદિ–પંચવિંશતિનો તેરમો અધિકાર છે. આ શાસ્ત્રને શ્રીમદ્ રાજચંદ્રે 'વનશાસ્ત્ર' કહ્યું છે.

[ તા. ૨૮–૨–૭૬ થી તા. ૮–૩–૭૬ ના પ્રવચનોમાંથી, વઢવાણ શહેર. ]

ગાથાર્થઃ– શ્રીમાન્ નાભિરાજાના પુત્ર તથા ઊર્ધ્વલોક, મધ્યલોક, અને અધોલોકરૂપી જે ઘર તેના માટે દીપક તથા ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવાવાળા હે ઋષભદેવ ભગવાન! તમે સદા આ લોકમાં જયવંત રહો. સમસ્ત જીવોપર વાત્સલ્ય ધારણ કરવાવાળા અને નિર્મળગુણરૂપી રત્નોના નિધાન એવા હે નાથ! તમે સદા આ લોકમાં જયવંત રહો. ૧.

નિજ આનંદના નાથને ઓળખીને, હું પોતે જ પરમાત્મા થઈ શકું છું એવી જેને પ્રતીતિ છે એવા ધર્માત્મા પરમાત્માની સ્તુતિ કરતાં કહે છે કે પ્રભુ! આપ સદા જયવંત વર્તો. ઋષભદેવ ભગવાન સિદ્ધપદે બિરાજમાન હોવા છતાં ભૂતકાળમાં ભગવાન અરિહંતપદે બિરાજમાન હતા તેથી ભગવાનના ભૂતકાળને વર્તમાનમાં પ્રત્યક્ષ કરીને મુનિરાજ સ્તુતિ

કરે છે. હે વીતરાગી પરમાત્મા! આપ જયવંત રહો અર્થાત્ અમને જયવંત એવા પરમ તત્ત્વનું જ્ઞાન વર્તતું હોવાથી અમને પર્યાયમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાઓ. હે નાભિરાજાના પુત્ર! આપ ત્રણલોકને પ્રકાશિત કરનાર દીપક સમાન છો. નાભિરાજાના પુત્ર કહેતાં ભગવાનની ઉત્પતિ માતા–પિતા વિના થાય છે એવી અન્યમતની માન્યતાનું નિરાકરણ થયું. હે ભગવાન! આપને કેવળજ્ઞાનની એક સમયની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન વર્તતું હોવાથી આપ ત્રિલોક પ્રકાશક છો. સમસ્ત જીવો પ્રત્યે વાત્સલ્યભાવના આપ ધારક છો. એટલે? ભગવાનને કોઈ જીવ પ્રત્યે પ્રેમ છે?–ના, પણ ભગવાન અકષાયભાવે સમસ્ત જીવોને જાણે છે, કોઈને જાણે ને કોઈને ન જાણે એવું નથી માટે ભગવાન સમસ્ત જીવો પ્રત્યે વાત્સલ્યભાવના ધારક છે. હે વીતરાગી પરમાત્મા! આપના ગુણોના સ્તવન વડે અમને પણ આપ જેવી પરિપૂર્ણતા પ્રાપ્ત હો. પ્રભુ! આપના જેવી પૂર્ણ દશા હજુ અમને પ્રગટી નથી, પણ જેવી જયવંતદશા–કેવળજ્ઞાનદશા આપને પ્રગટી છે તેવી દશા અમને પણ પ્રગટ હો–એમ મુનિરાજ કેવળજ્ઞાનની ભાવના ભાવે છે.

જેમ ખેતરમાં અનાજ પાકે ત્યારે સાથે ઘાસ તો સહજપણે પાકે જ, પણ ખેડૂતને ઘાસની મહત્તા કે હોંશ નથી; ખેડૂતને અનાજની અભિલાષા હોવા છતાં ઘાસ પાકયા વિના રહેતું પણ નથી. તેવી રીતે જેણે સમ્યગ્જ્ઞાનરૂપી બોધીબીજને આત્મામાં રોપ્યું છે ને પૂર્ણતાની અભિલાષાથી પરમાત્માની ભક્તિ દ્વારા જે નિજ પરમાત્માના સ્વભાવનું ઘોલન કરે છે તેને કેવળજ્ઞાન પ્રાપ્ત થશે જ. તોપણ વચ્ચે સ્વર્ગ, ચક્રવર્તી ને તીર્થંકરપદ આદિ પુણ્યફળનો સંયોગ બનશે. ધર્માત્માને પુણ્યની કે પુણ્યફળની વાંચ્છા નથી, હોંશ નથી, છતાં પણ જ્યાં સુધી પૂર્ણતા પ્રગટી નથી ત્યાં સુધી જેમને પૂર્ણતા પ્રગટ વર્તે છે એવા પરમાત્માની સ્તુતિનો ભાવ આવ્યા વિના રહેતો નહીં હોવાથી પુણ્યફળનો યોગ બન્યા વિના રહેતો નથી.

ગાથાર્થઃ– સમસ્ત સુર તથા અસુરના જે ચિત્રવિચિત્ર મણિયોં સહિત મુકુટ તેના કિરણોથી પ્રકાશિત અર્થાત્ ચિત્રવિચિત્ર જેનું સિંહાસન છે, એવા હે જિનનાથ! જે મનુષ્ય આપને જુએ છે અને આપની સ્તુતિ કરે છે તથા આપના જપ અને ધ્યાન કરે છે તે મનુષ્ય ધન્ય છે. ૨.

ગળહૂતીમાં મળેલા ઘીના સ્વાદને જાણતો હોવા છતાં ભાષા દ્વારા તે સ્વાદનું વર્ણન કરી શકતો નથી; મૂંગાને ગોળ આપે ને પૂછે કે ગોળનો સ્વાદ કેવો? –તો તે કહી શકતો નથી. તેમ ભગવાન આત્માના અનંત અનંત સ્વભાવનું વર્ણન ત્રણલોકના નાથ અરિહંત પરમાત્મા પણ કરી શકયા નથી. એવો પરમાત્મા તું પોતે જ છો. બાર અંગ

ને ચૌદ પૂર્વમાં આત્માના સ્વભાવની જે વાત આવી તે પણ સ્થૂળરૂપે આવી છે, પરંતુ એક સમય માત્રના અનુભવથી જે આત્મા જણાયો તે વાત સૂક્ષ્મ છે.

કોઈ મોટા મકાનમાં કોઈ બોલે તો સામો પડઘો પડે છે, તેમ ધર્માત્મા પરમાત્માની સ્તુતિ કરે છે કે હે સિદ્ધ પરમાત્મા! ત્યાં તેના જ્ઞાનમાં પડઘો પડે છે કે હું સિદ્ધ પરમાત્મા. ધર્માત્મા કે જેને નિશ્ચયસ્તુતિ પ્રગટી છે તે ભગવાનની સ્તુતિ કરે છે ત્યારે પણ ભગવાનના ગુણોના સ્તવન દ્વારા હું પોતે જ અનંત ગુણનો ભંડાર છું એમ તેને ઘોલન વર્તે છે.

મુનિરાજ કહે છે કે હે પ્રભુ! જગતના ઉત્તમ પુરુષો–ઇન્દ્રો આપની ધર્મસભામાં આવીને જગતના સર્વોતમ પુરુષ એવા આપને વંદન કરે છે ત્યારે તેમના મુકુટમાં રહેલા મણિના રંગબેરંગી કિરણો વડે આપનું આસન શોભી ઉઠે છે. એમ કહીને એમ સિદ્ધ કર્યું કે ભગવાનની દિવ્યધ્વનિ સાંભળવા ઇન્દ્રો આવે છે.

ઇન્દ્ર ઘૂઘરા આદિ બાંધી ભગવાન સમક્ષ નૃત્ય કરે છે, પણ જાણે છે કે આ ક્રિયા તો શરીરની છે હું તેનો કર્તા નથી, પણ મારો આ ભક્તિનો જે ભાવ છે તે પણ શુભરાગ છે, તે ધર્મ નથી. તેના ફળમાં પુણ્યનો બંધ થશે, મુક્તિ નહીં થાય, તોપણ અમને તે આવ્યા વિના રહેતો નથી.

તીર્થંકર પરમાત્માના શરીરનો પ્રકાશ પણ એવો અલૌકિક હોય છે કે, તેઓના શરીર આસપાસ રચાતાં પ્રકાશના ભામંડલમાં જોનારને ત્રણ ભૂતકાળના, ત્રણ ભવિષ્યકાળના ને એક વર્તમાન એમ પોતાના સાત ભવો જણાય છે. એવા દેવાધિદેવ ત્રિલોકીનાથ તીર્થંકર પરમાત્માના અંતરપ્રકાશ–કેવળજ્ઞાનની શી વાત! એવા પરમાત્માની જે સ્તુતિ કરે છે, ભક્તિ કરે છે, જપ કરે છે તે જીવ પણ ધન્ય છે.

ગાથાર્થઃ– હે જિનેન્દ્ર! જો અમે આપને ચર્મચક્ષુથી પણ જોઈ લઈએ તોપણ અમને એટલો હર્ષ થાય છે કે તે હર્ષ ત્રણે લોકમાં નથી સમાતો. તો જો આપને અમે જ્ઞાનરૂપી નેત્રથી જોઈએ ત્યારે તો અમે કહી જ નથી શકતા કે અમને કેટલો આનંદ થશે ? ૩.

હે નાથ! જેવું પૂર્ણ સ્વરૂપ આપે પ્રગટ કર્યું છે તેવું જ પૂર્ણ સ્વરૂપ મારું છે, પણ પર્યાયમાં પૂર્ણપણે પ્રગટ થયું નથી તેથી હું આપની સ્તુતિ કરું છું. હે વીતરાગી જિનેન્દ્ર! કેવળજ્ઞાનઋદ્ધિ પ્રગટી છે એવા આપને નેત્રો વડે દેખતાં એટલે કે શુભ વિકલ્પથી આપના દર્શન કરતાં અમને જે હર્ષ થાય તે ત્રણ લોકમાં સમાતો નથી.

આપના દર્શનથી અમને જે પ્રમોદ થાય છે તે શુભ વિકલ્પના ફળમાં ત્રણ લોકની ઉત્તમ સામગ્રીઓ અમને સહજ માત્રમાં મળે છે. ચર્મચક્ષુ વડે આપના દર્શન કરતાં અર્થાત્ આપના દર્શનથી થતાં પ્રમોદના ફળમાં લોકોત્તર પુણ્યપ્રકૃતિ બંધાય છે તો જ્ઞાનનેત્ર વડે આપના દર્શન કરતાં જે આનંદ થાય તેની તો શી વાત! અર્થાત્ જેવા પરમાત્મા આપ બિરાજમાન છો તેવો જ પરમાત્મસ્વરૂપી હું પોતે જ છું-એમ જ્ઞાનનેત્ર વડે આપની શક્તિ સાથે મારી શક્તિની સંધિ કરતાં મને જે અતીન્દ્રિય આનંદ ઉત્પન્ન થાય છે તેનું વર્ણન શી રીતે કરું? જ્ઞાનનેત્ર વડે આપને નીરખતાં ઉત્પન્ન થતાં અતીન્દ્રિય આનંદના ફળમાં અમને મોક્ષનો લાભ થશે.

ગાથાર્થઃ– હે જિનેન્દ્ર! જેનો અંત નથી તથા જેણે સમસ્ત વસ્તુઓના વિસ્તારનું જ્ઞાન કરી લીધું છે એવા જ્ઞાનસ્વરૂપ આપની જે પુરુષ સ્તુતિ કરે છે, તે કૂવાનો દેડકો સમુદ્રની કથાનું વર્ણન કરે છે. ૪.

હે પ્રભુ! આપના દ્રવ્ય ગુણ ને પ્રગટ પર્યાયનું જ્ઞાન કરીને જે પોતાના આત્મા સાથે મેળવણી કરે છે કે હું પણ આપના જેવો જ પરમેશ્વર છું-તેને સમ્યક્ દર્શન પ્રગટે છે અને આપના સ્વરૂપનું ચિંતવન કરતાં જે પોતાના સ્વરૂપમાં વિશેષ લીન થાય છે તેનો મોહ નાશ પામે છે.

પ્રભો! આપના જ્ઞાનનો શું મહિમા કરું? આપના જ્ઞાનનો વિષય અંત રહિત છે. અસંખ્ય પ્રદેશી લોક ને અનંત અનંત એવો અંત રહિત અલોક તે આપના જ્ઞાનનો વિષય છે. આપને જ્ઞાનસ્વભાવ સંપૂર્ણપણે પ્રગટ છે ને અમને હજુ પૂર્ણપણે પ્રગટ થયો નથી, તેથી હું પૂર્ણ પ્રગટતાની અભિલાષા થકી આપના સર્વજ્ઞપણાની સ્તુતિ કરું છું.

હે પ્રભુ! કૂવાના દેડકાં દ્વારા અગાધ સમુદ્રનું વર્ણન શી રીતે થઈ શકે? તેમ અસીમ સર્વજ્ઞતાની સ્તુતિ મારા જેવા અલ્પ શક્તિવાનથી શી રીતે થઈ શકે? તોપણ કેવળજ્ઞાનની ભાવનાથી આપના અગાધ જ્ઞાનની હું સ્તુતિ કરું છું.

ગાથાર્થઃ– હે જિનેન્દ્ર! હે પ્રભો! આપના નામના કીર્તન માત્રથી જ અમારા જેવા મનુષ્યોની આગળ આજ્ઞા માંગતી મનોવાંછિત લક્ષ્મી ગમન કરે છે. ૫.

હે પરમાત્મા! આત્માના જ્ઞાન પૂર્વક અમે આપની જે ભક્તિ ને સ્તુતિ કરીયે છીએ તે શુભ વિકલ્પના ફળમાં અમારા જેવા મનુષ્યોની આજ્ઞા માંગતી મનોવાંછિત લક્ષ્મી આગળ આગળ દોડતી ફરે છે. પ્રભો! આપની સ્તુતિથી અમને અમારી ચૈતન્યલક્ષ્મી પ્રાપ્ત હો એવી જ અભિલાષા હોવા છતાં, આપના સ્તવન-કીર્તનમાં એટલી શક્તિ છે કે ઇન્દ્ર,

નરેન્દ્ર, બળદેવ, ચક્રવર્તી, તીર્થંકર આદિ ઉત્કૃષ્ટ પદવીઓ સહજપણે પ્રાપ્ત થાય છે. આપના સ્તવન–કીર્તનમાં આટલી શક્તિ છે, તો હે પ્રભુ! જે આપને જ સાક્ષાત્ પ્રાપ્ત કરી લે અર્થાત્ જે મનુષ્ય આપ સમાન સર્વજ્ઞપદ જ પ્રાપ્ત કરી લે તેની તો શી વાત!!

ગાથાર્થઃ– હે સર્વજ્ઞ! હે જિનેશ! જે સમયે આપ સર્વાર્થસિદ્ધિવિમાનમાં હતા તે સમયે તે વિમાનની જે શોભા હતી તે શોભા, આ પૃથ્વી પર આપના ઉતરવાથી, આપના વિયોગથી ઉત્પન્ન થયેલ દુઃખને લીધે નાશ થઈ ગઈ છે એમ હું સમજુ છું. ૬.

હે ઋષભદેવ સ્વામી! પૂર્વ ભવમાં આપ જ્યારે સર્વાર્થસિદ્ધિવિમાનમાં હતા તે સમયે વિમાનની જે શોભા હતી તે શોભા, આપ પૃથ્વીતલ પર પધારતાં આપના વિરહના દુઃખથી નષ્ટ થઈ ગઈ હોય તેમ અમને લાગે છે.

જુઓ! ભગવાન પૂર્વે સર્વાર્થસિદ્ધિવિમાનમાં હતા તેમ સિદ્ધ કર્યું ને સર્વાર્થસિદ્ધિવિમાન છે તે વાત પણ સિદ્ધ કરી. અહો! તીર્થંકર પ્રભુનો અહીં મનુષ્ય લોકમાં જન્મ થતાં, પ્રભુના વિરહમાં સર્વાર્થસિદ્ધિની શોભા નષ્ટ થઈ ગઈ છે. આચાર્યદેવે અહીં અલંકાર વડે ભગવાનની સ્તુતિ કરી છે.

## ❀ ફાગણ સુદ એકમનું પ્રવચન ❀

વર્તમાનમાં જાણે ઋષભદેવ ભગવાન પૂર્ણાનંદ સહિત અરિહંતપદે મધ્યલોકમાં વિચરી રહ્યા હોય તેમ પૂર્ણાનંદના રસિયા રસિક મુનિવર પુર્ણાનંદની પ્રાપ્તિની ભાવનાથી ભગવાનની સ્તુતિ કરી રહ્યા છે. જેમને પૂર્ણાનંદના નમૂનાનો અનુભવ છે એવા મુનિરાજ પૂર્ણાનંદના અનુભવી પરમાત્માની સ્તુતિ કરે છે. પોતાના આનંદના અનુભવ આગળ વિકલ્પના અનુભવ ઝેર જેવા લાગે છે છતાં સ્વરૂપમાં સ્થિરતા ન થતાં ભગવાનની ભક્તિ આદિનો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી.

ગાથાર્થઃ– હે જિનેશ્વર! જે સમયે આપ આ પૃથ્વીતલ પર ઉતર્યા હતા તે સમયે નાભિરાજાના ઘરમાં ઘણા કાળ સુધી આકાશમાંથી ધનની વર્ષા થઈ હતી, તેથી હે પ્રભો! આ પૃથ્વી વસુમતી થઈ છે. ૭.

મુનિરાજ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે પ્રભો! આપ મરુદેવી માતાના ગર્ભમાં આવ્યા તે પહેલાં છ માસથી આકાશમાંથી રત્નવૃષ્ટિ થતી હતી. આપનો જન્મ થતાં સુધી અર્થાત્ પંદર માસ સુધી આકાશમાંથી રત્નવૃષ્ટિ થઈ તેથી આ પૃથ્વી વસુમતી એવું નામ

પામી. તીર્થંકરના પુણ્યનો એટલો પ્રભાવ છે કે પુદ્‌ગલના સ્કંધો રત્નરૂપે પરિણમીને પૃથ્વી પર વર્ષે છે.

ગાથાર્થઃ– હે પ્રભો! હે જિનેન્દ્ર! આપ મરુદેવી માતાના ગર્ભમાં રહ્યાં હોવાથી ઇન્દ્રાણી તથા દેવોથી જેના ચરણમાં નમસ્કાર કરવામાં આવે છે એવી મરુદેવી માતાનું પદ જેટલી પુત્રવતી સ્ત્રીઓ હતી તે બધાથી પ્રથમ રહ્યું છે. ૮.

ભગવાન માતાના ગર્ભમાં પધારતાં ઇન્દ્ર–ઇન્દ્રાણી મરુદેવી માતાના દર્શન કરવા આવે છે કે હે રત્નકુંખધારિણી! આપને અમારા નમસ્કાર હો. હે માતા! પુત્રને જન્મ આપતી બીજી માતાઓમાં આપ સર્વોત્તમ માતા છો, કેમકે તીર્થંકર જેવા પુત્રરત્નને જન્મ આપવા આપ જ સમર્થ છો કે જે પુત્રરત્ન પોતે જન્મ–મરણનો નાશ કરશે ને અનેક જીવોને જન્મ–મરણના નાશના માર્ગે ચઢાવશે. તેથી હે માતા! તીર્થંકર જેવા પુત્રરત્નને પોતાની કુંખમાં ધારણ કરીને આપ સર્વોત્તમ માતાનું બિરુદ પામ્યા છો.

ગાથાર્થઃ– હે જિનેન્દ્ર! હે પ્રભો! જે સમયે ઇન્દ્ર આપને મેરુપર્વત પર લઈ ગયા તે સમયે તેણે આપને ગોદમાં બેઠેલા જોયા તેથી તેના નેત્રોનું અપલકપણું તથા અધિકપણું સફળ થયું. ૯.

હે પ્રભો! આપનો જન્મ થતાં ઇન્દ્ર આવીને આપને ગોદમાં લઈને મેરુપર્વત પર અભિષેક કરવા લઈ જાય છે ત્યારે આપનું દેદીપ્યમાન રૂપ દેખવા ઇન્દ્ર હજાર નેત્ર કરે છે. પ્રભુ! આપના દર્શન વડે જ ઇન્દ્રના નેત્રનું બહુપણું અને અપલકપણું સફળતા પામે છે.

જેમ કેસર ભરવા માટે કોથળો ન હોય પણ સારી બરણી કે સારો ડબ્બો હોય. તેમ ત્રણલોકના નાથ જ્યારે પરમાત્મપદને પ્રાપ્ત કરવા છેલ્લો દેહ ધારણ કરે ત્યારે તે ઉત્તમરત્નને ધારણ કરનાર દેહ પણ અદ્વિતીય જ હોય. તેમને જ્યાં સુધી સાધક દશા વર્તે છે ત્યાં સુધી આહાર હોવા છતાં નિહાર કે પરસેવો હોતા નથી.

ગાથાર્થઃ– હે પ્રભો! હે જિનેન્દ્ર! જે સમયે આપનો જન્માભિષેક મેરુ ઉપર થયો હતો તે સમયે તે અભિષેકના જળના સંબંધથી મેરુ તીર્થપણાને પ્રાપ્ત થયો હતો. અર્થાત્ તીર્થ બન્યો હતો અને તેથી હે જિનેન્દ્ર! તે મેરુપર્વતને સૂર્ય ચંદ્રમા વગેરે હંમેશાં પ્રદક્ષિણા કરતા રહે છે. ૧૦.

મુનિરાજ પોતાની ભક્તિને ખીલવતાં કહે છે કે હે પ્રભો! આ ચંદ્ર–સૂર્ય મેરુ પર્વતને એટલા માટે પ્રદક્ષિણા ફરતાં જોઉં છું કે જ્યારથી મેરુપર્વત પર આપનો જન્માભિષેક થયો ત્યારથી મેરુપર્વત તીર્થપણાને પામ્યો હોવાથી જ ચંદ્ર–સૂર્ય તેની પ્રદક્ષિણા

ફરે છે. એ રીતે મુનિરાજ ભગવાનના જન્માભિષેકને યાદ કરીને સ્તુતિ કરે છે.

ગાથાર્થઃ- હે જિનેન્દ્ર! હે પ્રભો! મેરુપર્વત પર આપનો અભિષેક થવાથી, પતનથી ઉછળતાં જળના મારથી અત્યંત વ્યાકુળ દેવોની એવી દશા થતી જાણે ચારે બાજુથી આકાશ જ વ્યાપ્ત થઈ ગયું હોય. ૧૧.

ભગવાનનો જન્મ થતાં ઇન્દ્ર આવીને ભગવાનને મેરુપર્વત પર જન્માભિષેક કરવા લઈ જાય છે. મેરુપર્વતથી ક્ષીરોદધિ સમુદ્ર સુધી દેવો લાંબી હારમાળામાં ગોઠવાઈ જાય છે ને ક્ષીરોદધિના જળ ભરેલા ૧૦૦૮ કળશો હાથોહાથ આપીને ઇન્દ્રના હાથમાં કળશ આપે છે. ઇન્દ્ર તે જળ વડે ભગવાનનો અભિષેક કરે છે. તે પ્રસંગને ભક્તિભાવે મુનિરાજ યાદ કરીને સ્તુતિ કરતાં કહે છે કે હે પ્રભો! જન્માભિષેકનું જળ આપના શરીર પરથી પૃથ્વી પર પડે છે ત્યારે તેના અવાજથી અસ્ત-વ્યસ્ત થઈ ગયેલા દેવોથી આ આકાશ વ્યાપ્ત થઈ ગયેલું મને દેખાય છે.

ગાથાર્થઃ- હે પ્રભો! આપના જન્માભિષેક વખતે પોતાની લાંબી ભુજાઓ ફેલાવીને ઇન્દ્રે નૃત્ય કર્યું હતું તે લાંબી ભુજાઓથી અખંડ વાદળા ખંડિત થયા હતા તે વાદળા આ સમયે પણ ખંડિત જ છે. ૧૨.

મેરુપર્વત પર ભગવાનનો જન્માભિષેક કર્યા બાદ ઇન્દ્ર તાંડવનૃત્ય કરે છે. તે પ્રસંગને મુનિરાજ યાદ કરતાં કહે છે કે હે પ્રભો! પહેલાં જે વાદળાઓ અખંડરૂપે હતા તે વાદળાઓ, આપની સમક્ષ ઇન્દ્ર નૃત્ય કરતાં તેની ફેલાયેલી ભૂજાઓ વડે ખંડિત થયા હતા. તેથી આજે પણ આ વાદળાઓ ખંડ-ખંડ થયેલા અમને દેખાય છે. પ્રભુ! આ અનાદિના કર્મરૂપી વાદળાઓ અખંડિત હતા પણ જ્યાં અમે-અમારા આત્મામાં દ્રષ્ટિ કરી ત્યાં તે ખંડ-ખંડ થઈ ગયા છે.

## ❀ ફાગણ સુદ બીજનું પ્રવચન ❀

જેણે વિકલ્પથી છૂટા પડીને પોતાના નિર્વિકલ્પ સ્વભાવની નિશ્ચયસ્તુતિ કરી છે તેવા મુનિરાજ ભગવાનની સ્તુતિ કરે છે તેનો આ અધિકાર છે. આમ તો આ ભક્તિમાં અનંતા ભગવંતોની સ્તુતિ આવી જાય છે, પરંતુ જાણે કે ઋષભદેવ ભગવાન અત્યારે અરિહંતપદે પ્રત્યક્ષ બિરાજમાન હોય ને સ્વર્ગમાંથી ઇન્દ્રો ને દેવો આવીને ભગવાન સમક્ષ નૃત્ય-ગાન ને પૂજા-ભક્તિ કરી રહ્યા હોય તેમ મુનિરાજે ઋષભદેવ સ્વામીને યાદ કરીને અહીં સ્તુતિ કરી છે.

પ્રભો! જે અભવી હશે તે આપની સ્તુતિ નહીં કરી શકે, કેમકે જેને પોતાની

મોટાઈ–મહિમા–પરિપૂર્ણતા ભાસી નથી તેને આપની પરમેશ્વરતાનો મહિમા શી રીતે આવી શકે?

જેમ વ્યભિચારી પુરુષને જાગતાં તો સ્ત્રીના જ વિચારો આવે પણ સ્વપ્નમાં પણ વ્યભિચારી સ્ત્રીના જ સ્વપ્નો આવે, તેમ જેણે અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખ્યો છે એવા ધર્માત્માને જેઓ પરિપૂર્ણ આનંદના આસ્વાદી છે એવા પરમાત્માની સ્તુતિનો ભાવ આવે છે.

ગાથાર્થઃ– હે નાથ! હે પ્રભુ! જે પ્રજાઓની આજીવિકા ઘણા કલ્પવૃક્ષોથી થતી એ કલ્પવૃક્ષોના અભાવમાં પ્રજાઓની આજીવિકા આપ એકલાએ જ કરી. ૧૩.

હે પ્રભો! આપનો જન્મ થયા પહેલાં લોકોની આજીવિકા દસ પ્રકારના કલ્પવૃક્ષો દ્વારા થતી હતી. પણ આપનો જન્મ થતાં આપ એકલાએ જ લોકોની આજીવિકા પૂરી પાડી હોવાથી આપ પરમ કલ્પવૃક્ષ સમાન છો. ઋષભદેવસ્વામીનો જન્મ થતાં ત્રીજો કાળ પૂરો થઈને ચોથો કાળ–આરો શરૂ થવાથી કલ્પવૃક્ષો અદ્રશ્ય થવાથી ભગવાને લોકોને જીવન–નિર્વાહનો ક્રમ શીખવ્યો હતો. તે પ્રસંગને યાદ કરીને મુનિરાજે ભગવાનની સ્તુતિ કરી છે.

પ્રભુ! મારો આત્મા પણ પરમ કલ્પવૃક્ષ સમાન છે કે જે મને મારી આજીવિકા સમાન મારા અતીન્દ્રિય આનંદને એકલો જ પૂરો પાડે છે. મારા અતીન્દ્રિય આનંદ માટે મારે પરની બિલકુલ અપેક્ષા રાખવી પડતી નથી. અતીન્દ્રિય આનંદરૂપ મારી આજીવિકા મને પૂરી પાડવા માટે મારો આત્મા એકલો જ સમર્થ છે.

ગાથાર્થઃ– હે જિનેશ! હે પ્રભુ! આપે જ આ પૃથ્વી સનાથ કરી, કારણ કે જો એમ ન હોત તો વર્ષાઋતુમાં થનાર નવીન પ્રક્રિયાથી એમાં અંકુર કેમ થાત? ૧૪.

જેમ સ્ત્રીના લગ્ન થતાં તેના શરીરમાં રોમાંચ જણાય છે તેમ હે નાથ! આ પૃથ્વીને ફૂટી નીકળેલા અંકુર જોતા મને તો આપના જ દર્શન થાય છે કે આપનો જન્મ થવાથી જ આ પૃથ્વી સનાથ બની છે. કારણ કે જો એમ ન હોત તો પૃથ્વીને અંકુર કેમ ફૂટી નીકળે?

ગાથાર્થઃ– હે વીતરાગ! જેવી રીતે વર્ષાઋતુમાં વિજળી દેખાઈને નષ્ટ થઈ જાય છે તેવી રીતે આપે જે સમયે નીલાંજના નામની દેવાંગનાને પહેલાં નૃત્ય કરતી જોઈ ને પછી નાશ થતી જોઈ, તે સમયે આપે રાજલક્ષ્મીને પણ તેવી જ જોઈ અર્થાત્ તેને પણ આપે ચંચળ સમજી. ૧૫.

ઋષભદેવસ્વામીના વૈરાગ્ય પ્રસંગને યાદ કરતાં સ્તુતિરૂપે મુનિરાજ કહે છે કે હે પ્રભો! આપની સમક્ષ નૃત્ય કરતી દેવાંગના નીલાંજનાનું નૃત્ય કરતાં કરતાં જ આયુષ્ય પૂર્ણ થઈ જતું દેખીને, આપના ચિત્તમાં વૈરાગ્યની ભરતી ઉછળી આવતાં, વિશાળ રાજ્યલક્ષ્મી અને ભોગને વિજળી સમાન ચંચળ જાણી ક્ષણ માત્રમાં, સર્પ કાંચળી છોડી દે તેમ, સઘળુંયે આપે છોડી દીધું હતું.

ભગવાન મતિ, શ્રુત ને અવધિ–એમ ત્રણ જ્ઞાન લઈને તો જન્મ્યા હતા, પરંતુ દેવાંગનાનું આયુષ્ય પૂર્ણ થતું દેખીને જાતિસ્મરણ જ્ઞાન થતાં અંતરમાં એકદમ ઉતરી જતાં વૈરાગ્યનો ધોધ ઉછળી આવ્યો ને પ્રભુ દીક્ષા લેવા ચાલી નીકળ્યા હતા. નીલાંજનાને કારણે વૈરાગ્ય થયો હતો એમ નથી, જો એમ હોય તો રાજ્યસભામાં હજારો જીવો હતા, બધાને વૈરાગ્ય થવો જોઈએ. પણ ભગવાનની વૈરાગ્યની ઉગ્રતાનો સ્વકાળ આવ્યો ત્યારે નીલાંજનાનો પ્રસંગ નિમિત્ત તરીકે હાજર હતો. મુનિરાજ તો ભગવાનની ઉત્કૃષ્ટ વૈરાગ્યધારાને સ્મરીને પોતાની વૈરાગ્ય ભાવનાને પોષી રહ્યા છે.

ગાથાર્થઃ– હે જિનેશ! હે પ્રભો! જે દિવસે આપને વૈરાગ્ય થયો હતો એ દિવસે આપે આ પૃથ્વીને તણખલાની જેમ છોડી દીધી હતી તે દિવસથી આ પૃથ્વી નદીના કલરવ દ્વારા વિલાપ કરી રહી છે. ૧૬.

નદીનો કલરવ સાંભળીને મુનિરાજને ભગવાનના વૈરાગ્ય પ્રસંગનું સ્મરણ થાય છે કે હે પ્રભુ! આપે દીક્ષા લેતાં આ પૃથ્વી અનાથ બની છે. આપનો વિરહ અનાથ બનેલી પૃથ્વી સહન ન કરી શકતાં રુદન કરે છે, તે રુદનનો અવાજ નદીના કલરવરૂપે સંભળાય છે.

પ્રભુ! અમારો જન્મ ભરતક્ષેત્રના આ પંચમકાળમાં થવાથી અમને આપના દર્શનના વિરહ પડયા છે. પૂર્ણજ્ઞાનના ધારક એવા અરિહંત પરમાત્માનો અમને વિરહ છે ને પૂર્ણજ્ઞાનની પ્રાપ્તિનો પણ અમને વિરહ રહ્યો છે. અમે ભલે ચારિત્રવંત હોઈએ તોપણ અમને કેવળજ્ઞાનની પ્રાપ્તિનો વિરહ રહ્યો છે. એમ કહીને મુનિરાજ કેવળજ્ઞાનની ભાવના ભાવે છે.

ગાથાર્થઃ– હે ભગવન્! હે પ્રભો! જે સમયે આપ કાયોત્સર્ગસહિત બિરાજમાન હતા તે સમયે ધર્મરૂપી ઘરના નિર્માણમાં ઉન્નત મુખ્ય સ્થંભ સમાન આપ અત્યંત શોભિત લાગતા હતા. ૧૭.

પ્રભો! આપ જ્યારે કાયોત્સર્ગસહિત બિરાજી રહ્યા હતા એટલે કે કાયા કહેતાં શરીર, કર્મ તથા રાગ–દ્વેષ તેને છોડવા માટે આપ ધર્મધ્યાનમાં બિરાજી રહ્યા હતા તે વખતે ધર્મરૂપી ઘરના મુખ્ય સ્થંભ સમાન આપ શોભી રહ્યા હતા.

## ❀ ફાગણ સુદ ત્રીજનું પ્રવચન ❀

ધર્માત્માને બોધીબીજ ઉગી છે ને તેને પૂર્ણિમા–પૂર્ણતા થશે જ, પણ જ્યાં સુધી પૂર્ણતા પ્રગટી નથી ને પૂર્ણતાની ભાવના વર્તે છે ત્યાં સુધી જેમને પૂર્ણતા પ્રગટી છે એવા પરમાત્માની સ્તુતિનો ભાવ આવ્યા વિના રહેતો નથી.

મુનિરાજ કે જેમને અંતરમાંથી અતીન્દ્રિય આનંદનો ડુંગર ફાટયો છે, અતીન્દ્રિય આનંદનો સાગર ઉછળીને આનંદની ભરતી આવી છે તેઓ પરમાત્મા ઋષભદેવની સ્તુતિ કરે છે.

જેમ સમુદ્રના મધ્યબિંદુમાંથી ભરતીનો ઉછાળો આવે તેને સૂર્યની ૧૦૮°ની ગરમી પણ રોકવાને સમર્થ નથી, તેમ અંતરમાં નિજાત્મ–અવલોકન દ્વારા એકાગ્રતા વડે અતીન્દ્રિય આનંદની જે ભરતી આવે છે તેને શરીર કે પ્રતિકૂળ સંયોગ પણ રોકવા સમર્થ નથી.

ગાથાર્થઃ– હે પ્રભો ! હે જિનેન્દ્ર ! ભ્રમરોંના સમૂહ સમાન આપના મસ્તક પર જે કાળા વાળનો સમૂહ છે તે હૃદયમાં સ્થિત ધ્યાનરૂપી અગ્નિથી જલ્દી બાળેલા શરીરના ( કર્મોના ) ધુમાડા સમાન શોભતા હોય એમ જણાય છે. ૧૮.

પ્રભુ ! આપના મસ્તક પરના કાળા વાળ દેખીને અમને તો આપની ધ્યાનદશાનું સ્મરણ થાય છે. અતીન્દ્રિય આનંદમાં અતિ રત એવી મુનિદશામાં ધ્યાનરૂપી અગ્નિ વડે આપે કર્મરૂપી શરીરને બાળી નાખ્યું તેનો ધૂમાડો આ કાળા વાળરૂપે આપના મસ્તક પર દેખાય છે. એમ સ્મરણ કરીને ધ્યાનનો મહિમા વ્યક્ત કરે છે.

ગાથાર્થઃ– હે જિનેશ ! હે પ્રભો ! નિર્મળ સમાધિના પ્રભાવથી ચાર ઘાતિકર્મોનો નાશ થવાથી આપના સમ્યગ્જ્ઞાનરૂપી દર્પણમાં આ લોક તથા અલોક પ્રતિબિમ્બિત થાય છે. ૧૯.

પ્રભુ ! આપે આત્માના આનંદના સ્વાદમાં મશગૂલ થઈને નિર્મળ સમાધિ વડે ચાર ઘાતિકર્મોનો નાશ કરીને કેવળજ્ઞાન પ્રગટ કર્યું હોવાથી આપના જ્ઞાનદર્પણમાં લોકાલોક પ્રતિબિંબિત થાય છે, એમ કહીને કેવળજ્ઞાનની પ્રાપ્તિની વિધિ નિર્મળ સમાધિ છે પણ પંચમહાવ્રતાદિ શુભભાવ નથી તેમ દર્શાવ્યું છે.

‘ક’ –બોલતા જે સમય જાય તેના અસંખ્યમાં ભાગમાં એટલે કે એક સમયમાં સર્વજ્ઞને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન વર્તે છે. કુતર્કવાદીઓ સર્વજ્ઞને માનતા નથી પણ જેમ કોઈ તીક્ષ્ણ નજરવાળો ઉડતાં બગલાઓની સંખ્યા ગણીને કહે ત્યારે અંધ પુરુષ કહે કે

ના તેટલી સંખ્યા નથી, તેમ સર્વજ્ઞના જ્ઞાનને વિશે કુતર્ક કરનારાઓ તે અંધ–પુરુષના સ્થાને છે.

ગાથાર્થઃ– હે પ્રભો! હે જિનેન્દ્ર! જે સમયે આપે જડ સહિત જ્ઞાનાવરણ આદિ ઘાતિકર્મોનો સર્વથા નાશ કરી દીધો હતો, તે સમયે જ્ઞાનાવરણાદિ કર્મોને સર્વથા નષ્ટ થયેલા જોઈને બાકીના જે ચાર અઘાતિકર્મો રહ્યાં તે ભયથી આપના આત્મામાં મરેલા સમાન રહ્યાં હતા. ૨૦.

ઋષભદેવસ્વામી જાણે અત્યારે પણ અરિહંતપદે બિરાજી રહ્યા હોય તેમ મુનિરાજ કહે છે કે પ્રભો! આપે ચાર ઘાતિકર્મોનો નાશ કર્યો હોવાથી ચાર અઘાતિ કર્મો ભયના માર્યા મરી ગયેલા સમાન રહી ગયા છે, બળી સીંદરીવત્ રહ્યા છે.

ગાથાર્થઃ– હે જિનેશ! હે પ્રભો! જે સમવસરણની રચના ચિત્રવિચિત્ર મણિઓથી કરાઇ હતી એવા સમવસરણમાં જેટલા મુનિ હતા એ સમસ્ત મુનિઓની ઉપર બિરાજમાન આપ અત્યંત શોભાયમાન લાગતા હતા. ૨૧.

જ્યારે ભગવાનને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે સ્વર્ગમાં ઘંટ–નાદ સ્વયંપણે થાય છે ને ઇન્દ્ર અવધિજ્ઞાનથી જાણે છે કે પ્રભુને કેવળજ્ઞાન પ્રગટ થયું છે, તેથી સમવસરણ રચવા માટે કુબેરને આજ્ઞા કરે છે. સમવસરણની રચના રંગબેરંગી માણેક, મોતી, મણિ આદિથી શોભાયમાન બને છે. તોપણ જડ પદાર્થની શોભા કરતાં ચૈતન્ય–મણિના ધારક મુનિઓના વૃંદોથી ભગવાન અતિ દૈદીપ્યમાન લાગે છે તેમ કહીને ભગવાનની સ્તુતિ કરે છે.

ગાથાર્થઃ– હે ભગવન્! હે પ્રભો! જેવી રીતે પુષ્પમાં સ્થિત કમળ સૂર્યના કિરણોને પામીને અધિક મહિમાને પ્રાપ્ત થાય છે. તેવી રીતે, જોકે સમવસરણની શોભા સ્વભાવથી જ લોકોત્તર હોય છે તોપણ, હે જિનેન્દ્ર! આપના ચરણકમળને પામીને તે અત્યંત મહિમાને ધારણ કરે છે. ૨૨.

જેમ કમળ સ્વયં સુંદર હોવા છતાં સૂર્યના કિરણો વડે અધિક સુંદરતા ધારણ કરે છે, તેમ દેવકૃત સમવસરણની રચના અદ્ભુત ને સુંદર હોવા છતાં ભગવાનના ચરણકમળથી સમવસરણ અત્યંત શોભાયમાન બને છે. અર્થાત્ હે પ્રભો! આ સમવસરણની અતિ સુંદરતા આપના હોવાપણાને લીધે જ છે.

## ❀ ફાગણ સુદ ચોથ તથા સાતમનું પ્રવચન ❀

આનંદસ્વરૂપ ભગવાનની જેને દ્રષ્ટિ થઈ છે, જ્ઞાતા–દ્રષ્ટાની જેને દ્રષ્ટિ થઈ છે. પણ હજુ પૂર્ણ દશા પ્રગટ થઈ નથી એવા ધર્માત્માની સ્તુતિ પણ લોકોત્તર હોય છે. ધર્માત્મા

સ્તુતિ કરતાં કહે છે કે પ્રભો! આ ચંદ્રમામાં હરણ દેખાય છે તેનું કારણ એ છે કે વીણાવાદનથી સ્વર્ગમાં દેવો આપની ભક્તિ કરી રહ્યા છે તે સાંભળતા હરણ ચંદ્રમામાં પહોંચી ગયું છે.

એ રીતે નિજસ્વરૂપની આરાધનામાં મસ્ત ધર્માત્માને જ્યાં હોય ત્યાં જેણે નિજ સ્વરૂપને પૂર્ણપણે સાધી લીધું છે એવા પરમાત્મા જ દેખાય છે, તેનો આ અધિકાર ચાલે છે.

ગાથાર્થઃ– હે જિનેન્દ્ર! હે પ્રભો! આપ જોકે નિર્દોષ તથા અકલંક અને અજડ છો તોપણ અચળ સિંહાસનમાં સ્થિત તથા જેમણે કુવલયને આનંદ આપ્યો છે એવા આપ ચંદ્રમા સમાન શોભી રહ્યા છો. ૨૩.

ચંદ્રમા દોષથી યુક્ત છે, કલંક–ડાઘથી સહિત છે અને જડ છે. તોપણ પૂર્ણિમાની રાત્રિએ પર્વતના શિખર પર સ્થિત થયેલો ચંદ્રમા અતિ શોભાયમાન લાગે છે, અને રાત્રિવિકાસી કમળોને પૂર્ણકળાએ વિકસાવનાર છે. તેમ હે પ્રભો! આપ પૂર્ણકળાએ ખીલેલા ચંદ્રમા સમાન છો કારણ કે સમવસરણમાં સિંહાસનમાં સ્થિત આપ અતિ દૈદીપ્યમાન જણાઓ છો ને જગતના જીવોને આનંદ દેનારા છો.

ગાથાર્થઃ– આચાર્ય કહે છે કે હે પ્રભો! હે જિનેન્દ્ર! જે ભવ્ય જીવોને જ્ઞાનની જ્યોતિ સ્ફૂરાયમાન છે અને જે આપને મસ્તક ઝુકાવીને નમસ્કાર કરે છે તેની વાત તો દૂર જ રહી, પરંતુ હે ભગવન્! આપની સમીપ રહેલ જડ વૃક્ષ પણ અશોક થઈ જાય છે. ૨૪.

હે પ્રભો! પવિત્રતામાં પૂર્ણ એવા આપના પુણ્ય પણ લોકોત્તર છે. આપને નમસ્કાર કરતાં ભવ્ય જીવોને જ્ઞાનાનંદની ઉપલબ્ધિ થાય છે તે વાત તો દૂર રહી, પણ આપના મસ્તક સમીપ રહેલું જડ વૃક્ષ પણ આપના પુણ્ય–પ્રતાપે અશોક થઈ જાય છે. અર્થાત્ જડ વૃક્ષ પણ અશોકપણું પ્રાપ્ત કરે છે.

ગાથાર્થઃ– હે ભગવન્! હે નાથ! આપના જે આ ત્રણ છત્રો છે તેમાં લટકતાં નિર્મળ મુક્તાફલને જોતાં મનુષ્યોની આંખો આસુંઓથી અમૃતની વર્ષા કરતાં હોય એવું જણાય છે. ૨૫.

હે પ્રભો! આપના શિર પર રહેલાં ત્રણ છત્રોમાં લટકતાં મુક્તાફળની શોભાની નિર્મળતા જોતાં જીવોની આંખોમાં હર્ષના આંસું છલકાઈ આવે છે, અર્થાત્ આપની પવિત્રતા અને આપના શિરે શોભતા ત્રણ છત્રોને દેખતાં ભવ્ય જીવોને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપી ત્રણ છત્રોની પ્રાપ્તિની ભાવનાથી નેત્રોમાં હર્ષના આંસુ છલકાઈ આવે છે.

ગાથાર્થઃ– જે ચામરોને જોવાથી સમસ્ત લોકના નેત્રરૂપી કમળોને હર્ષ થાય છે અને જેમને મોટા–મોટા ઇન્દ્ર ચામર છે એવા હે જિનેન્દ્ર! આપના ચામર શરદ ઋતુના ચંદ્રમાના કિરણોથી બનાવ્યા હોય એવા જણાય છે. ૨૬.

આપને ચામર ઢોળી રહેલા ઇન્દ્રના હાથમાં જે ચામર છે તે જાણે શરદઋતુના શીતળ કિરણોથી બન્યા હોય તેમ અમને લાગે છે. અર્થાત્ પ્રભુ! આપે શાંત અકષાય શીતળ સ્વભાવને પરિપૂર્ણપણે પ્રગટ કર્યો હોવાથી આપને ઢોળવામાં આવતાં જડ ચામર પણ શાંત–શીતળ જણાય છે. તો હે પ્રભુ! આપને મસ્તક જુકાવી આપની ભક્તિ કરતાં અમને પણ અકષાય–શાંત–શીતળ સ્વભાવની પ્રાપ્તિ થશે જ.

ગાથાર્થઃ– હે ભગવાન! હે જિનેન્દ્ર! જે કામદેવના પાંચે બાણ આપની સામે વિફલ ગયા છે એવા તે કામદેવ, દેવો વડે આપની ઉપર કરાયેલ પુષ્પોની વર્ષાના બહાને પોતાના બાણોનો ત્યાગ કરી રહ્યા હોય એમ જણાય છે. ૨૭.

ખરે સમયે જે વસ્તુ કામમાં નથી લાગતી તે વસ્તુને લોકો છોડી દે છે તેમ હે પ્રભો! કામદેવના પાંચ ઇન્દ્રિય–વિષયોરૂપી કામબાણ આપના પર નિષ્ફળ જતાં દેખીને પુષ્પવૃષ્ટિના બહાને કામદેવ પોતાના કામબાણોનો ત્યાગ કરી રહ્યો છે.

ગાથાર્થઃ– હે ભગવન્! આપની વાગી રહેલી દૂંદુભી ત્રણે લોકને એકઠા કરીને આ વાત કહે છે કે હે લોકો! જો કોઈ વાસ્તવિક પરમાત્મા છે તો તે ભગવાન આદિનાથ જ છે, પરંતુ તેનાથી ભિન્ન પરમાત્મા કોઈ પણ નથી તેથી તમે તેના સિવાય બીજાનો ઉપદેશ સાંભળો નહીં, આ જ ભગવાનના ઉપદેશને સાંભળો. ૨૮.

જ્યારે ભગવાનને કેવળજ્ઞાન ઉપજે છે ત્યારે સમવસરણની રચના થાય છે અને દૂંદુભીના નાદ ગાજે છે, તે વાતને લક્ષમાં લઈને મુનિરાજ સ્તુતિ કરતાં કહે છે કે હે પ્રભો! આ દૂંદુભીના નાદ નિષ્ફળ જતાં નથી, પણ એ નાદ પોકાર કરીને જગત સમક્ષ એમ પ્રસિદ્ધ કરે છે કે હે જીવો! જો તમે તમારા કલ્યાણને અર્થે સત્–ઉપદેશ સાંભળવા માગતા હો તો આ આદિનાથ અરિહંતદેવનો જ ઉપદેશ સાંભળો; કારણ કે આ લોકમાં જો કોઈ પરમાત્મા–પરમેશ્વર હોય તો તે આદિનાથ જ છે, એ સિવાય અન્યમતના કોઈ પરમાત્મા નથી.

અર્થાત્ જે કોઈ ભવ્ય જીવો હશે તેને જ આપનો સત્–ઉપદેશ રુચશે, પણ અજ્ઞાનીને આપની વાણી અર્થાત્ આત્માની વાત નહીં રુચે. કારણ કે જેમ જે પંથે સિંહ વિચરે તે

પંથના ઘાસમાં સિંહની ગંધ આવવાથી હરણીયા તેને નહીં ચરી શકે, તેમ હે પ્રભો! આપે જે માર્ગે પરમાત્મદશા પ્રગટ કરી તે માર્ગ અજ્ઞાનીને નહિ રુચે.

ગાથાર્થઃ– હે જિનેશ! હે પ્રભો! સૂર્યનો પ્રભાસમૂહ તો મનુષ્યોને સંતાપ કરવાવાળા છે તથા ચંદ્રમાનો પ્રભાસમૂહ જડતા કરવાવાળો છે. પરંતુ હે પૂજ્યવર! આપનો પ્રભાસમૂહ તો સંતાપ અને જડતા બંનેનો નાશ કરવાવાળો છે. ૨૯.

સૂર્યના કિરણો જગતના જીવોને સંતાપ કરનારા છે જ્યારે શીતળ ચંદ્રમાના કિરણો જગતના જીવોને નિંદ્રાવશ કરતા હોવાથી જીવોને જડ સમાન બનાવે છે. એ રીતે સૂર્ય–ચંદ્રનું તેજ જીવોને સંતાપ ને જડતાનું કારણ છે. પરંતુ હે પૂજ્યવર પ્રભો! આપનું તેજ, આપની પુણ્યપ્રભા જગતના જીવોનો સંતાપ અર્થાત્ આધિ–વ્યાધિ ને ઉપાધિ તથા જડતા અર્થાત્ રાગ–દ્વેષ–મોહનો સર્વથા નાશ કરનારી છે.

એ રીતે મુનિરાજ પદ્મનંદિ–આચાર્યદેવ પરમાત્માના ગુણોની સ્તુતિ કરીને તેમના ગુણોનો મહિમા કરતાં–કરતાં નિજ ગુણોનું ચિંતવન કરે છે.

[ પાનું ૨૩ થી ચાલુ ]

- અનંતકાળમાં એક સેકંડ માત્ર પણ ધર્મ કર્યો નથી. કાં તો વિષય–વાસનાને ભોગવિલાસના વિકલ્પોમાં રચ્યો–પચ્યો રહ્યો છે ને કાં તો દયા–દાન–પૂજા –ભક્તિના ભાવોથી ધર્મ થાય છે તેમ માનતો થકો શુભભાવમાં કાળ વ્યતીત કર્યો છે. પરંતુ તે બંને ભાવોથી ભિન્ન નિર્વિકલ્પ, શુદ્ધ ચૈતન્ય પરમાત્મા હું પોતે જ છું એવી પ્રતીતિ એક સમય માત્ર પણ કરી નથી. એક સમય માત્ર પણ જો પોતાના વિશે પોતે વિશ્વાસ, પ્રતીતિ કરે તો આ ૮૪ લાખ યોનિના ભ્રમણનો અંત આવી જાય.
- સ્વને પૂર્ણ જાણે ને લોકાલોકને પૂર્ણ જાણે એવા જાણવાના સામર્થ્યવાળો આત્મા પોતે છે, પણ તેની અજ્ઞાની ને ખબર નથી. તેથી જે કાંઈ પર–જ્ઞેય જણાય તે પરજ્ઞેયરૂપ પોતાને માની લે છે. પર–જ્ઞેયને જાણનાર જ્ઞાનની દશા તે હું છું, તે પર જ્ઞેય ભિન્ન છે એમ ન માનતાં પર–જ્ઞેયરૂપ જ પોતાને માને છે. સ્વ–પર પ્રકાશક જ્ઞાનશક્તિ તે હું છું ને શુભરાગાદિ જણાય છે તે મારાથી ભિન્ન છે તેમ માનતાં ધર્મ પ્રગટે છે.

## -: વિહારના વિવિધ સમાચાર

## અને

## પૂજ્ય ગુરુદેવના પ્રવચનોની પ્રસાદી :-

### * લીંબડી * [ મહા વદ ૮ થી ૪ દિવસ ]

✿ સોનગઢથી પૂજ્ય ગુરુદેવનો મંગલ-વિહાર મહા વદ ૮ ને સોમવારે સવારે પાંચ વાગે થયો હતો. ધંધુકા થઈને ૮-૩૦ વાગે મંગલ-વર્ધિની લીંબડી જિન-મંદિરે આવી પહોંચી હતી. લીંબડી જિન-મંદિરમાં બિરાજમાન મૂળ-નાયક શ્રી પાર્શ્વનાથપ્રભુ તથા શ્રી સીમંધરદેવ અને શ્રી આદિનાથ ભગવાનના પૂ. ગુરુદેવે દર્શન કર્યા બાદ સ્વાગતની શરૂઆત થઈ; ને સ્વાગત બાદ ૧૦ મિનિટનું પૂજ્ય ગુરુદેવનું માંગલિક પ્રવચન થયું હતું. ઝાલાવાડના અનેક મુમુક્ષુઓ પૂ. ગુરુદેવના અધ્યાત્મરસ ઝરતાં પ્રવચનનો લાભ લેવા આવ્યા હતા.

૪-દિવસના સાત પ્રવચનોમાં શ્રી સમયસારની ગાથા ૧૭-૧૮ તથા કળશ ૨૦ પર પૂજ્ય ગુરુદેવના સરળ શૈલીમાં અપૂર્વ પ્રવચનો થયા હતા. આત્મ-પ્રાપ્તિની વિધિ સમજવા મુમુક્ષુઓ ઉપરાંત અહીંની જનતા નિયમિત લાભ લેતી હતી. તત્ત્વચર્ચામાં અનેક જિજ્ઞાસુઓ આત્મા સંબંધી પોતાને ઉદ્‌ભવતાં પ્રશ્નો પૂજ્ય ગુરુદેવને પૂછીને સમાધાન પ્રાપ્ત કરતા હતા.

અહીંના રાજ્યમાતા પૂજ્ય ગુરુદેવના દર્શનનો તથા વાણીનો લાભ લેવા તેમજ પૂજ્ય બેનશ્રીના દર્શન માટે બે વખત પ્રવચનમાં તથા એક વખત રાત્રિચર્ચામાં આવ્યા હતા; અને ઘણી પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

છેલ્લે દિવસે સાડા દશ વાગે પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતી ચંપાબેન અત્રે પધારતાં અહીંનું ઉલ્લસિત વાતાવરણ વધુ પ્રફુલ્લિત બન્યું હતું. બપોરે પ્રવચન બાદ લીંબડી મુમુક્ષુ મંડળ વતી રાજ્યમાતાના સુહસ્તે પૂજ્ય બેનશ્રીને એક અભિનંદન-પત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

શુક્રવારે સવારે પૂજ્ય ગુરુદેવ લીંબડી જિન-મંદિરમાં બિરાજમાન ભગવંતોના દર્શને પધાર્યા હતા. સવા છ વાગે લીંબડીથી વર્ધમાનપુરી ( વઢવાણ ) તરફ વિહાર કર્યો હતો.

## ✿ લીંબડીના પ્રવચનોની પ્રસાદી ✿

✿ અવ્રતનો ભાવ તે પાપ છે ને વ્રતનો ભાવ પુણ્ય છે, તે બંનેને આચાર્યદેવ વિષકુંભ

કહે છે. પ્રભુ, તું તો અમૃતકુંભ છો, તું તેને જાણ. તું નિર્વિકારી ચૈતન્યમૂર્તિ છો, તેની દ્રષ્ટિ કર. આ સંસારની જંજાળ હોવા છતાં તેના તરફનું લક્ષ છોડીને રાગથી ભિન્ન ને નિજસ્વભાવથી અભિન્ન આત્માને અનુભવવો તે ધર્મની શરૂઆત છે.

❀ એક સમયની પર્યાય પાછળ આખું ધ્રુવ તત્ત્વ રહ્યું છે પણ તેની દ્રષ્ટિ કરી નથી. એક સમયની પર્યાય તરફ લક્ષ હોવાથી અનાદિ સંસારનો અંત આવતો નથી. જો એક સમય માત્ર પણ ધ્રુવ તત્ત્વનું લક્ષ કરવામાં આવે તો ભવના અભાવની બીજ પ્રગટ થઈ જાય ને અલ્પ સમયમાં કેવળજ્ઞાનરૂપી પૂર્ણ ચંદ્રમા ખીલી ઊઠે. બીજું બધું કર્યું છે પણ એક અખંડ ધ્રુવને દ્રષ્ટિમાં લીધો નથી, તેની રુચિ કરી નથી. એકવાર ધ્રુવનું લક્ષ કરતાં જે અવસ્થા પ્રગટે તેને ધર્મ કહે છે; તે સિવાય બીજી બધી ક્રિયાઓ ને વિકલ્પો અધર્મ છે, સંસારવર્ધક છે.

❀ પુણ્ય–પાપની રુચિરૂપી ઓઝલ–પડદા પાછળ ભગવાન આત્મા ઢંકાઈ ગયો છે. એકવાર પુણ્ય–પાપની રુચિનો પડદો ચીરીને નિજ પરમાત્માને પર્યાયમાં પ્રગટ કર. કેવી રીતે ?–કે પુણ્ય–પાપના ભાવો તો ક્ષણિક છે, નાશવાન છે, તેનામાં જ્ઞાનનો અંશ માત્ર પણ નથી. જ્યારે હું તો જ્ઞાનનો સાગર, ધ્રુવ, અવિનાશી તત્ત્વ રાગથી ભિન્ન સ્વભાવી છું. એમ નિજ સ્વભાવના મહિમા વડે નિજ પરમાત્માની રુચિ કરીને, પુણ્ય–પાપની રુચિના પડદાને ચીરીને, પર્યાયમાં નિજ પરમેશ્વર પ્રભુને પ્રગટ કરી શકાય છે.

પ્રશ્ન :–આપ આખો દિવસ આત્માના ખૂબ ગુણ–ગાન ગાઓ છો, પણ અમને તો આત્મા જણાતો નથી !

ઉત્તર :–ભાઈ ! અનાદિનો અણ–અભ્યાસ છે ને ! બી. એ. એલ. એલ. બી. માટે વર્ષો ગાળે છે, તો આ તો ભવનો અભાવ કરવાની વાત છે, તેના માટે સત્સમાગમે આનો અભ્યાસ કરવો જોઈએ. અભ્યાસ વડે યુક્તિથી–જ્ઞાનથી પહેલાં નક્કી કરવું જોઈએ કે જેમ તીવ્ર રાગમાં જેટલી આકૂળતા જણાય છે તેના કરતાં ઓછી આકૂળતાં મંદ રાગમાં જણાય છે; તેથી રાગના અભાવમાં આકૂળતાનો અભાવ એવી અનાકૂળ શાંતિ થવી જોઈએ. પણ આ વાત સમજવાની ધગશ પૂર્વક સત્સમાગમે અભ્યાસ કરવો જોઈએ. જેવો આત્મા કહેવામાં આવે છે તેવો જ આત્મા અભ્યાસે જરૂર જણાય તેવો છે.

[ અનુસંધાન પાનું ૨૧ પર ]

# વર્ધમાનપુરી ( વઢવાણ )માં ઉજવાયેલો ભવ્ય પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ

મહા વદ ૧૩ ની સુપ્રભાતે લીંબડીથી મંગલ પ્રસ્થાન કરીને સવારે આઠ વાગે ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જન્મભૂમિ વર્ધમાનપુરીમાં મંગલ-વર્ધિની પૂ. ગુરુદેવને લઈને આવી પહોંચી. વઢવાણ શહેરના આંગણે અભૂતપૂર્વ પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવના અપૂર્વ અવસરનો લાભ લેવા સૌરાષ્ટ્ર-ગુજરાતમાંથી હજારો મુમુક્ષુઓ આવ્યા હતા. જયજયકારના હર્ષનાદપૂર્વક પૂ. ગુરુદેવના આગમનને વધાવવામાં આવ્યું. હાથી અને બેન્ડ સહિત અંદાજે અઢી હજાર ભક્તોની મેદનીએ પોણો કલાક સુધી પૂજ્ય ગુરુદેવની સ્વાગતયાત્રામાં ભાગ લીધો હતો. પ્રવચનમંડપમાં સ્વાગતયાત્રા પૂરી થયા બાદ બહેનોએ સ્વાગત-ગીત દ્વારા તથા અહીંના પ્રમુખશ્રી ગીરધરભાઈએ સ્વાગત-વક્તવ્ય દ્વારા પૂજ્ય ગુરુદેવની મંગલ પધરામણીને અભિવંદી હતી.


- વર્ધમાનપુરી ધર્મમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જન્મભૂમિ છે. પવિત્રાત્મા પૂજ્ય બહેનશ્રીનું જન્મધામ હોવાથી, વર્ધમાનપુરીનો આ મંગલ મહોત્સવ મુમુક્ષુ સમાજ માટે વિશેષ આકર્ષણરૂપ હતો. હજારો મુમુક્ષુઓ આ શુભ મહોત્સવ તથા જન્મધામના દર્શનથી પ્રમુદિત થઈ ધન્યતા અનુભવતા હતા.
- પ્રતિષ્ઠાવિધિનો ક્રમ શરૂ થયા પહેલાં એક વાર અનેક ભક્તોને સમૂહરૂપે જન્મધામના દર્શનનો સુયોગ પ્રાપ્ત થયો. વર્ષોજૂના નાજુકડા મકાનમાં પવિત્ર જન્મસ્થાનના દર્શન થયા. પૂજ્ય બહેનશ્રીના શૈશવની અનેક અવનવી રસપ્રદ વાતો જાણવા મળી. તે પવિત્રભૂમિના દર્શનથી ભક્તોને ખૂબ ખૂબ ઉલ્લાસભર્યા ભક્તિભાવ સ્ફૂર્યા હતા.

જન્મસ્થળના દર્શન બાદ, પૂજ્ય બહેનશ્રીના પિતાજી પછીથી બીજા ઘરે રહેવા ગયા હતા તે સ્થળ સૌ જોવા ગયા. આ ઘરમાં પૂજ્ય બહેનશ્રી પણ થોડો વખત રહ્યા હતા. શિશુવયથી જ તેમને વૈરાગ્યપ્રેમ, તત્ત્વની રુચિ તથા આત્માનું હિત કરી લેવાની તીવ્ર ભાવના હતી. 'દૂર કાં પ્રભુ દોડ તું, મારે રમત રમવી નથી,' તથા 'કંચન-વરણો નાથ, મુને કોઈ મિલાવો' વગેરે પ્રભુભક્તિનાં વૈરાગ્યનાં તથા અધ્યાત્મભાવનાનાં



મંગલસૂચક, આનંદવર્ધક પ્રતીક સૌખ્યનિધાન,
'ચંપા' માતના મંગલ હસ્તે, મંગલ નાંદીવિધાન.

## લીંબડીના રાજમાતા દ્વારા
## ધર્મમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું સન્માન.



લીંબડી શહેરમાં તા. ૨૬-૨-૭૬ ના રોજ પ્રવચન બાદ બપોરે ૪ વાગે પૂજ્ય ગુરુદેવની ઉપસ્થિતિમાં લીંબડીના રાજમાતાના સુહસ્તે, પ્રશમમૂર્તિ પૂજ્ય ચંપાબેનને અભિનંદન-પત્ર અર્પણ કરવામાં આવ્યુ હતું તેનું દ્રશ્ય.



દીક્ષાવનમાં કુમાર નેમિનાથની દીક્ષાવિધિના મંગલ પ્રસંગે
પૂજ્ય ગુરુદેવનું વૈરાગ્યબોધક પ્રાસંગિક પ્રવચન
તથા
પ્રવચનમુગ્ધ વૈરાગ્યસુધાપિપાસુ વિશાળ માનવ મહેરામણ.



ઝંડારોપણપ્રસંગે ધર્મરત્ન ભગવતી પૂજ્ય બેનશ્રી ચંપાબેનના કરકમળે સ્વસ્તિક વિધિ.

ગીતો પૂજ્ય બહેનશ્રી આ ઘરમાં હરતાંફરતાં તથા ઘરનું કામકાજ કરતાં ધીમા અવાજે ગણગણતા હતા; ઘણીવાર તેઓ તેમના બંધુ શ્રી હિંમતભાઈ સાથે જિનદેવે પ્રરૂપેલા આત્મા અને કર્મ સંબંધી સિદ્ધાંતોની ઊંડી ચર્ચાઓ કરતા હતા. આ સ્થળ જોઈને પણ સૌ મુમુક્ષુઓ પ્રમુદિત થયા હતા.

❀ શ્રી પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો મહોત્સવ ફાગણ સુદ ૧ થી પ્રારંભ થયો હતો. પ્રાતઃ શાંતિજાપના આરંભ પછી શ્રી જિનેન્દ્રભગવાનને ચાર હાથી તથા રથ વગેરે અનેક સુંદર વાહનો યુક્ત ભવ્ય રથયાત્રાપૂર્વક પ્રતિષ્ઠામંડપમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. તત્પશ્ચાત્ વર્ધમાનનગરના –પ્રતિષ્ઠામંડપના–પૂર્વાગ્ર ભાગમાં વીતરાગ જિનેન્દ્રધર્મની વિજયપતાકા ફરકાવવાની–ઝંડારોપણની–મંગળ વિધિ જિનેન્દ્રધર્મ–પ્રભાવક પૂજ્ય ગુરુદેવ તથા ધર્મમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના પવિત્ર કરકમળે, પ્રતિષ્ઠામહોત્સવની આદ્ય શુકનવંતી બોલી લઈને, જલગામનિવાસી શ્રી વૃજલાલ મગનલાલ શાહે કરાવી હતી.

મહોત્સવના દિવસોમાં પણ પ્રાતઃ તથા મધ્યાહ્ન–બંને સમય પૂજ્ય ગુરુદેવનાં પ્રવચનો નિયમિત થતા હતા. હજારો શ્રોતાઓની મેદનીમાં સવારે સમયસારની ૧૧ મી તથા ૩૧ મી ગાથા દ્વારા ભૂતાર્થ જ્ઞાયકસ્વભાવના અને જિતેન્દ્રિય જિનની નિશ્ચય સ્તુતિના માધ્યમથી ભગવાન નિજ આત્માનો અપૂર્વ મહિમા પૂજ્ય ગુરુદેવ સરળ સુગમ સ્પષ્ટ ભાષામાં સમજાવતા હતા. મધ્યાહ્નના પ્રવચનમાં શ્રી પદ્મનંદી–આચાર્યપ્રણીત શ્રી ઋષભજિનતોત્ર દ્વારા પૂજ્ય ગુરુદેવ જિનેન્દ્રદેવના પંચકલ્યાણકયુક્ત જિનસ્તુતિનો મધુરો પ્રવાહ વહાવતા હતા.

આ ઉત્સવના મંગલ પ્રારંભમાં જગન્મંગલ પંચપરમેષ્ઠીભગવંતોનું મંડલ માંડીને વિધાનપૂજા કરવામાં આવી હતી.

રાત્રે વર્ધમાનપુરીની જૈન પાઠશાળાનાં બાળકોએ ‘સતી અનંતમતી’ નો સંવાદ ભજવ્યો હતો. સંવાદના અંતમાં પૂજ્ય બહેનશ્રીના જન્મધામમાં આ ભવ્ય મહોત્સવ ઉજવાતો હોવાથી, તેમના પ્રત્યે ભક્તિથી પ્રેરાઈને એક સુંદર ભાવપૂર્ણ ગરબો ગાયો હતો.

❀ ફાગણ સુદ બીજના દિને પ્રાતઃ નાંદીવિધાનની (પ્રતિષ્ઠામંડપમાં મંગલ કુંભસ્થાપનાની) પવિત્ર વિધિ પૂજ્ય બહેનશ્રીના શુભ કરકમળે થઈ હતી. શ્રી સંઘનાં

ભક્તિભાવપૂર્ણ સવિનય અતિ આગ્રહથી નાંદીવિધાનની મંગલ યાત્રા પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાનથી શરૂ કરવામાં આવી હતી. પૂજ્ય બહેનશ્રીના પાવન મસ્તક પર અતીવ સુશોભિત નાંદીઘટથી શોભતી આ કુંભયાત્રામાં સેંકડો મુમુક્ષુ બહેનો આનંદોલ્લાસપૂર્વક જોડાયા હતાં. મંગલ કુંભસ્થાપનની પવિત્ર વિધિ પૂજ્ય બહેનશ્રીના શુભ હસ્તે થઈ તેની ખુશાલીમાં અનેક મુમુક્ષુઓએ રકમો નોંધાવીને પોતાનો હર્ષાનંદ વ્યક્ત કર્યો હતો.

પંચકલ્યાણકપ્રતિષ્ઠાની બધી વિધિ જેમના દ્વારા કરવામાં આવે છે તે સોળ ઇન્દ્ર–ઇન્દ્રાણી થનારા સર્વને પૂજ્ય ગુરુદેવે 'આચાર્ય–અનુજ્ઞા' રૂપે માંગલિક મંત્ર સુણાવીને મંગલ આશીર્વાદ આપ્યા હતા. તેઓની મંત્રવિધિથી 'ઇન્દ્રપ્રતિષ્ઠા' થયા પછી ભવ્ય ઇન્દ્રજુલૂસ વર્ધમાનપુરીની બજારોમાં નીકળ્યું હતું. જુલૂસની ભવ્યતા જોઈને લોકોને ઇન્દ્રો ભગવાનના પંચકલ્યાણક ઊજવવા સ્વર્ગમાંથી સમૂહરૂપે કેવા આવતા હશે તેનો તાદ્રશ ચિતાર હૃદયંગમ થતો હતો.

❀ ફાગણ સુદ ૩ ના દિવસે પ્રાતઃ ભવ્ય જુલૂસપૂર્વક શ્રી સીમંધરસ્વામી વગેરેનાં પ્રતિષ્ઠિત જિનબિંબ પ્રતિષ્ઠાવેદીમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. તે જિનબિંબની સૌ ઇન્દ્ર–ઇન્દ્રાણીઓએ ભક્તિભાવપૂર્ણ પૂજા કરી હતી.

પૂજ્ય ગુરુદેવના ભૂતાર્થસ્વભાવસ્પર્શી અધ્યાત્મપ્રવચન પછી જલયાત્રાનું જુલૂસ નીકળ્યું હતું. હજારો નરનારીઓએ આ ભવ્ય ઘટયાત્રામાં ભાગ લીધો હતો. ધર્મધ્વજયુક્ત હાથીની સવારીઓ તથા માથે જળભરેલા કળશ લઈને કેસરી સાડીયુક્ત સૌભાગ્યવતી તેમ જ કુમારિકા બહેનોથી આ જળયાત્રા અત્યંત સુશોભિત લાગતી હતી.

બપોરના પ્રવચનમાં પંચકલ્યાણકમહોત્સવને અનુરૂપ ઋષભસ્તોત્રના આધારે પૂજ્ય ગુરુદેવના મુખારવિંદથી વહેલા ભક્તિપ્રવાહ બાદ સૌ ઇન્દ્ર–ઇન્દ્રાણીઓએ યાગમંડલપૂજા કરી હતી. પૂજા પછી જિનેન્દ્ર–અભિષેક કર્યો હતો.

રાત્રે વિધિનાયક શ્રી નેમિનાથ ભગવાનના ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયાનાં ભાવવાહી દ્રશ્યો બતાવવામાં આવ્યાં હતાં. જયંત નામના અનુત્તર વિમાનમાં નેમિનાથનો જન્મ લેનાર અહમીન્દ્ર સાથે અન્ય અહમીન્દ્રોની સૂક્ષ્મ તત્ત્વચર્ચા તથા નેમિનાથના જીવ દ્વારા સમ્યગ્દર્શનની અગાધ મહત્તાનું રસભર્યું વર્ણન; સૌધર્મેન્દ્રની સભામાં

જયંત વિમાનના અહમીન્દ્રનું નેમિનાથ તરીકે જન્મ લેવાની ચર્ચા; મધ્યલોકમાં ભરતક્ષેત્રની દ્વારાવતી નગરીમાં જઈ તેને સુવર્ણ–રત્નમય બનાવવા ઇન્દ્રની કુબેરને આજ્ઞા; ગર્ભમાં આવવાને છ મહિના પહેલાં પ્રતિદિન રત્નવર્ષા; મધ્યલોકમાં દ્વારિકાનગરીમાં સમુદ્રવિજય મહારાજાની રાજસભા; રાજસભામાં અન્ય રાજાઓ દ્વારા ભેદવિજ્ઞાન સંબંધી આધ્યાત્મિક પ્રશ્નોના સમુદ્રવિજય મહારાજે આપેલા તથ્યસ્પર્શી ગંભીર ઉત્તર; સૌધર્મેન્દ્રની આજ્ઞાથી કુબેરનું શ્રી, હ્રી, ધૃતિ, બુદ્ધિ, લક્ષ્મી વગેરે આઠ દિક્કુમારી દેવીઓને લઈને સમુદ્રવિજય મહારાજ તથા શિવાદેવી માતા પાસે આવવું; દિક્કુમારી દેવીઓને માતાની સેવાનો નિયોગ તથા તેમની સાથે ગંભીર તત્ત્વચર્ચા... વગેરે ભાવવાહી સુંદર દ્રશ્યો બતાવવામાં આવ્યાં હતાં.

દેવીઓ સાથે આત્મપ્રાપ્તિની ચર્ચા પછી માતાજી શયનખંડમાં પધારે છે, પાછલી રાત્રે તેમને ૧૬ ઉત્તમ શુભ સ્વપ્ન આવે છે. ને છેલ્લે એક સુંદર શ્વેત હાથી મુખમાં પ્રવેશ કરતો હોય તેમ માતાજીને સ્વપ્નમાં દેખાય છે.–આ પ્રમાણે ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયાના ભક્તિભાવભીના દ્રશ્યો જોઈને વિશાળ જનસમુદાય આનંદિત થયો હતો.

❀ ફાગણ સુદ ૪ ના દિને પ્રાતઃ ગર્ભકલ્યાણકનો કાર્યક્રમ હતો. ઇન્દ્રસભા ભરવાનું રહસ્ય સ્ફોટ કરતાં સૌધર્મેન્દ્ર કહે છે કે બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ થનાર જયંત–અનુત્તર વિમાનનો અહમીન્દ્રનો જીવ શિવાદેવી માતાના ગર્ભમાં જઈ ચૂક્યો છે. તેની મંગળ વધાઈ દેવા સૌધર્મેન્દ્ર અન્ય ઇન્દ્રો સહિત સમુદ્રવિજય મહારાજના રાજદરબારમાં આવે છે. ને મહારાજને તીર્થંકર પુત્ર પ્રાપ્તિની મંગલ વધાઈ આપે છે.

શ્રી શિવાદેવી માતાના મહેલમાં દિક્કુમારી દેવીઓ પ્રાતઃ માતાને જગાડવાનું ભક્તિગીત ગાય છે. માતા જાગીને પ્રથમ પંચપરમેષ્ઠીસ્મરણ કરી દેવીઓને પોતાને આવેલાં ૧૬ સ્વપ્નોની વાત કરે છે. અને કહે છે કે ચાલો આપણે રાજદરબારમાં જઈ મહારાજશ્રીને આ સ્વપ્નોનું ફળ પૂછીએ. સ્વપ્ન સાંભળીને મહારાજા સમુદ્રવિજય અત્યંત પ્રસન્ન થાય છે. તેના શુભ ફળનું વર્ણન કરીને કહે છે કે બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથના જીવને હે દેવી! આપે ગર્ભમાં ધારણ કર્યો છે. અતિ આનંદપ્રદ સ્વપ્નફળ સાંભળીને માતા આનંદવિભોર બની આખો દિવસ જિનાલયમાં જિનેન્દ્રભગવાનની ભક્તિપૂજામાં વ્યતીત કરે છે.

મધ્યાહ્નના પ્રવચન પછી નૂતન ભવ્ય જિનમંદિરનું તથા વેદી–કલશ–ધ્વજ વગેરેનું શુદ્ધિવિધાન ઇન્દ્ર–ઇન્દ્રાણીના હાથે થયું હતું, શુદ્ધિવિધાન પ્રસંગે સ્વસ્તિક વગેરે કેટલીક વિધિ પૂજ્ય બહેનશ્રીબેનના પાવન કરકમળે થતી નિહાળીને ભક્તજન હર્ષવિભોર થતા હતા. જયનાદ તથા મંગલ ગીતોથી વિધિપ્રસંગ અત્યંત દીપતો હતો.

* વિધિનાયક શ્રી નેમિનાથ ભગવાનના પિતા સમુદ્રવિજય મહારાજ તથા તેમની માતા શિવાદેવી થવાનું સૌભાગ્ય જામનગરના રહીશ શ્રી ધીરજલાલ ફૂલચંદ તંબોળી અને અ.સૌ. હંસાબહેન ધીરજલાલ તંબોળીને પ્રાપ્ત થયું હતું. સૌધર્મેન્દ્ર તથા શચી ઇન્દ્રાણી વઢવાણના રહીશ શ્રી ધીરજલાલ મનસુખલાલ બોરડિયા અને અ. સૌ. લીલાવંતી ધીરજલાલ બોરડિયા થયા હતા.

* ફાગણ સુદ ૫ ના દિને પ્રાતઃ શ્રી નેમિકુંવરના જન્મકલ્યાણકની મંગલ વિધિનો કાર્યક્રમ દર્શાવવામાં આવ્યો હતો.

સ્વર્ગલોકમાં મંગલ ઘંટનાદ થાય છે. ઇન્દ્ર અવધિજ્ઞાનથી જાણી લે છે કે ભરતક્ષેત્રમાં દ્વારિકાપુરીના મહારાજા સમુદ્રવિજયની મહારાણી શિવાદેવીની કૂખેથી બાવીસમા તીર્થંકર શ્રી નેમિકુમારનો જન્મ થઈ ચૂકયો છે. ઐરાવત હાથી ઉપર બેસી અગણીત દેવ–દેવીઓ સહિત સૌધર્મેન્દ્ર તથા શચી ઇન્દ્રાણી બાલતીર્થંકર શ્રી નેમિકુંવરના પાવન દર્શન તથા મેરુપર્વતની પાંડુકશિલા પર જન્માભિષેક માટે સ્વર્ગમાંથી મધ્યલોક પર આવવા રવાના થાય છે.

તે જ સમયે પિતા શ્રી સમુદ્રવિજય મહારાજ રાજસભામાં દેશોદેશના અનેક રાજવીઓના સત્કાર ઝીલતા બિરાજમાન છે. ત્યાં અંતઃપુરનો ખાસ દૂત અતિ હર્ષજનક મંગલ વધાઈ લાવે છે કે મહારાણી શિવાદેવી માતાએ પુત્રરત્નને જન્મ આપ્યો છે. મંગળ સમાચાર સાંભળીને શ્રી સમુદ્રવિજય મહારાજ તથા સભાજનો અત્યંત આનંદિત થાય છે. ત્યાં જયજયકારના મંગલ નાદથી ગગન ગુંજાવતા ઇન્દ્રો અને દેવો ઐરાવત હાથી સહિત દ્વારિકાપુરીના પ્રાંગણમાં આવી પહોંચે છે. રાજસભામાં આવીને સમુદ્રવિજય મહારાજ તથા શિવાદેવી માતાના 'સર્વોતમ શ્રેષ્ઠ માતા–પિતા' તરીકે ગુણગાન કરીને તેમના સૌભાગ્યને અભિનંદતા થકા હર્ષાનંદ વ્યક્ત કરે છે. શચી ઇન્દ્રાણી અંતઃપુરમાં જઈ માયામયી શિશુ માતા પાસે રાખી બાલતીર્થંકર શ્રી નેમિકુમારને પોતાની ગોદમાં લઈ જન્માભિષેક માટે સૌધર્મેન્દ્રને સોંપે છે.

[ જુઓ ! બાલતીર્થંકરને ગોદમાં લેવાનું સૌભાગ્ય પહેલાં શચીને પ્રાપ્ત થાય છે, સૌધર્મેન્દ્રને પછી પ્રાપ્ત થાય છે. તે એમ સૂચવે છે કે શચી ઇન્દ્રાણી સૌધર્મેન્દ્ર કરતાં

વહેલા મોક્ષ જાય છે, કેમકે બંને જીવો એકાવતારી છે; શચી ઇન્દ્રાણી કરતાં સૌધર્મેન્દ્રનું આયુષ્ય ઘણું મોટું હોય છે તેથી શચી દેવીપદમાંથી વહેલી ચવીને મનુષ્ય થઈ મુનિદશા અંગીકાર કરી વહેલા મોક્ષ પામે છે. )

સૌધર્મેન્દ્ર બાલતીર્થંકર શ્રી નેમિકુંવરનું દેદીપ્યમાન અદ્‌ભુત રૂપ નીરખીને તૃપ્ત થતા નથી, તેથી હજાર નેત્રો કરી ફરીફરીને તે પાવન રૂપ જોયા જ કરે છે.

એ પ્રમાણે જન્મકલ્યાણકની વિધિના આનંદકારી દ્રશ્યો દર્શાવ્યા પછી સુશોભિત ઐરાવત હાથી ઉપર શ્રી નેમિકુંવરને પોતાની ગોદમાં બેસાડી સૌધર્મેન્દ્ર સાતિશય ભવ્યતાયુક્ત જુલૂસ પૂર્વક જન્માભિષેક માટે મેરુપર્વતની પાંડુકશિલા પર લઈ જાય છે. જન્માભિષેકનું આ ભવ્ય જુલૂસ વર્ધમાનપુરીમાં ફરીને નગરનિવાસીઓને આનંદિત કરતું પાંડુકશિલા પહોંચ્યા પછી, ત્યાં બાળતીર્થંકર શ્રી નેમિકુમારનો ઇન્દ્રો દ્વારા ૧૦૦૮ કલશ વડે જન્માભિષેક કરવામાં આવ્યો હતો.

જન્માભિષેકનો વરઘોડો દ્વારિકાનગરીમાં પાછો આવ્યા પછી, સૌધર્મેન્દ્ર નેમિકુંવરને શચી મારફત શ્રી શિવાદેવી માતાને સોંપે છે. ત્યાં ઇન્દ્ર તાંડવનૃત્ય દ્વારા નેમિકુમારના જન્મકલ્યાણકનો હર્ષાનંદ વ્યક્ત કરે છે.

મધ્યાહ્ને શ્રી સમયસારની ગાથા ૩૧ પર પૂજ્ય ગુરુદેવના અધ્યાત્મરસ ઝરતા પ્રવચન પછી, બાલતીર્થંકર શ્રી નેમિકુંવરના પારણાઝૂલનની વિધિ થઈ હતી. હજારો પ્રેક્ષકોના સમૂહ સમક્ષ વિવિધરંગી વિદ્યુતજ્યોતિઓથી સુશોભિત રજતનિર્મિત પારણે ઝૂલતા નેમિકુમારનું મનોહર દ્રશ્ય અતીવ રોચક તથા આનંદકારી લાગતું હતું. બાલતીર્થંકર શ્રી નેમિકુંવરનું પારણું ઝૂલાવવાનો અનેરો લ્હાવો લેવા માટે ભક્તોની ભીડ જામી હતી. પૂજ્ય બેનશ્રી ચંપાબેન પારણાની બાજુમાં બેસીને શ્રી નેમિકુંવરને ટગટગ નીરખીને તેવા જ કોઈ પ્રસંગને તાદ્રશ્ય કરી રહ્યા હોય તેવી તેઓની મુખમુદ્રા દેખીને ભક્તોના ઉલ્લાસમાં વધારો થતો હતો.

દ્વારાવતીનગરીમાં યુવરાજ નેમિકુમારની હાજરીમાં સમુદ્રવિજય મહારાજનો રાજદરબાર ભરાયો હતો, જેમાં યુવરાજ નેમિકુમાર માટે દેશદેશાવરના રાજાઓ ઝર–ઝવેરાત તથા ભેટસોગાદો લઈને પોતાની રાજકુમારીના કહેણ લઈને સમુદ્રવિજય મહારાજ પાસે આવતા હતા તે દ્રશ્ય રાત્રે બતાવવામાં આવ્યું હતું. મંત્રીઓ સાથે વાતચીત કરીને જૂનાગઢ–રાજ્યની રાજકન્યા રાજુલમાતિના કહેણને સમુદ્રવિજય મહારાજ સ્વીકૃતિ આપે છે અને બીજા રાજવીઓનો સત્કાર કરીને, જાન માટેની તૈયારી કરવાની આજ્ઞા આપીને રાજ્યસભા બરખાસ્ત કરે છે.

* ફાગણ સુદ ૬ ના પ્રાતઃકાળે યુવરાજ નેમિકુમારની જાન જૂનાગઢ તરફ રવાના થાય છે, રસ્તામાં વાડામાં પૂરેલાં રાંક પશુઓના ક્રંદનનો પુકાર યુવરાજ સાંભળે છે ને સારથી પાસેથી તેનું કારણ જાણે છે. પશુઓને પૂરવાનો મૂળ આશય જાણીને યુવરાજ સંસારથી ઉદાસ થઈને વિચારમગ્ન થઈ જાય છે કે અરે! ધિક્કાર હો આ રાજ્યલક્ષ્મીને, કે જેના મોહે પિતરાઈ ભાઈ પોતાના ભાઈ સાથે જ કપટ રચે છે! અરે! જેનો જન્મ થતાં સ્વર્ગમાંથી ઇન્દ્રો ઉત્સવ મનાવવા આવે છે એવા અમારે મન આ ચંચળ રાજ્યલક્ષ્મી તરણા સમાન છે એવું જાણનાર શ્રીકૃષ્ણને પણ જેના મોહે આ કુમતિ ઊપજી–એવી આ રાજ્યલક્ષ્મી ને સંસારના ભોગ–વિલાસ હવે અમને એક ક્ષણમાત્ર પણ ન જોઈએ. એમ વૈરાગ્યની સ્ફુરણા થતાં જ ત્રણ જ્ઞાનના ધારક યુવરાજને જાતિસ્મરણ થાય છે ને એકદમ ઉગ્ર વૈરાગ્યધારા ફૂટી નીકળે છે. અહા! ક્યાં પરણવા નીકળેલા યુવરાજ ને ક્યાં એની વૈરાગ્ય ભાવના! જાનૈયાઓમાં હાહાકાર મચી જાય છે કે આ યુવરાજને શું સૂઝયું? વડીલોને અમે શું મોઢું બતાવીશું! રાજુલમતી ઉપર શું વીતશે?–પણ બે કાંઠે ઉમટી આવેલા ઘોડાપૂરને રોકવા કોણ સમર્થ છે? તેમ યુવરાજની વૈરાગ્યધારાને પાછી વાળવા કોણ સમર્થ હતું?–તીર્થંકર નેમિરાજના વિચારો જાણીને વૈરાગ્યની પુષ્ટિ અર્થે લૌકાંતિક દેવો આવીને પોતાનું અનુમોદન વ્યક્ત કરે છે.

રાજુલમતીને વરવા નીકળેલા યુવરાજ મુક્તિસુંદરીને વરવા માટે તૈયાર થતાં, પહેલાં ભૂમિગોચરી રાજાઓ પાલખી લે છે ને પછી વિદ્યાધર રાજાઓ અને દેવો નેમિરાજની પાલખી લઈને સહસ્રામ્રવનમાં લઈ જાય છે, જ્યાં યુવરાજ મટીને તેઓ મુનિરાજ બને છે.

વૈરાગ્યપ્રેરક આખો પ્રસંગ આંખો સમક્ષ ભજવાતો દેખીને, જોનારનાં હૃદયોમાં પણ આવો અપૂર્વ અવસર અમને જલ્દી પ્રાપ્ત હજો તેમ ખૂબ ભાવના ઘૂંટાતી હતી.

ત્યારબાદ એક ભવ્ય જુલૂસ દ્વારા યુવરાજ નેમિનાથની દીક્ષાયાત્રા નીકળી હતી. દીક્ષાવિધિ પૂર્ણ થયા બાદ પૂજ્ય ગુરુદેવનું વૈરાગ્યની સ્ફુરણા જગાવતું, ભાવભીનું પ્રવચન થયું હતું.

બપોરે પ્રવચન પહેલાં પૂજ્ય ગુરુદેવના પુનિત કરકમળે ૧૦૦૮ શ્રી વર્ધમાનસ્વામી વગેરે ભગવંતોના જિનબિંબની તથા શ્રી કુંદકુંદાચાર્યદેવના ચરણચિહ્નની અંકન્યાસવિધિ થઈ હતી. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઘાટકોપરની ભજન–મંડળીએ યુવરાજ શ્રી નેમિનાથની વૈરાગ્યભાવનાને નાટકરૂપે લોકો સમક્ષ રજૂ કરી હતી.

* ફાગણ સુદ ૭ ના દિને સમ્યગ્દર્શન પામવાની કળા–વિધિ–રીત–પદ્ધતિ સમજાવતા પૂજ્ય ગુરુદેવના સવારના પ્રવચન બાદ મુનિરાજ શ્રી નેમિનાથના આહારદાનવિધિનો કાર્યક્રમ

હતો. મુનિરાજ નેમિનાથને પ્રથમ આહારદાન દેનાર રાજા થવાનું સૌભાગ્ય શ્રી પોપટલાલ મોહનલાલ વોરાને પ્રાપ્ત થયું હતું. તે પ્રસંગે પૂજ્ય ગુરુદેવને મુનિરાજને આહારદાન દેતાં જોઈને ભક્તોનો હર્ષોલ્લાસ સમાતો ન હતો. બપોરના શ્રી નેમિનાથસ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં ઘંટનાદ થાય છે ને સમવસરણની રચના થાય છે, તે પ્રસંગ દર્શાવવામાં આવ્યો હતો.

અરિહંત પરમાત્માની દિવ્યધ્વનિના દોહનરૂપ પૂજ્ય ગુરુદેવના ઋષભસ્તોત્ર અધિકાર પરના પ્રવચન બાદ ઈન્દ્રો કેવળજ્ઞાનકલ્યાણકની પૂજા તથા ભક્તિ કરે છે, તે પ્રસંગ પણ દર્શાવવામાં આવ્યો હતો.

રાત્રિના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભજન–મંડળીની ભક્તિ ઉપરાંત પંડિત હુકમચંદજી ભારિલ્લનું પ્રવચન સાંભળવાનો લાભ પણ મળતો હતો.

* ફાગણ સુદ ૮ ના સવારે તીર્થંકર અરિહંત પરમાત્મા શ્રી નેમિનાથસ્વામી ગિરનારજીની પાંચમી ટૂંકેથી સિદ્ધપદને પામ્યા તે નિર્વાણકલ્યાણકની વિધિ બતાવવામાં આવી હતી. ત્યારબાદ પ્રતિષ્ઠામંડપમાંથી જિનબિંબને જુલૂસપૂર્વક વાજતે–ગાજતે જિનાલયમાં લઈ જવામાં આવ્યા હતા.

મૂળનાયક શ્રી વર્ધમાનસ્વામી, શ્રી સીમંધરસ્વામી આદિ જિનભગવંતોની સ્થાપના, જિનવાણી શ્રી સમયસારજી તથા શ્રી નિયમસારજીની સ્થાપના તથા ભગવાન શ્રી કુંદકુંદાચાર્યના ચરણચિહ્નની સ્થાપના હજારો ભક્તોના જયજયકાર પૂર્વક કરવામાં આવી હતી. ધર્મમૂર્તિ ભગવતી માતા પૂજ્ય ચંપાબેનની જન્મભૂમિ વર્ધમાન શહેરમાં નવનિર્મિત વર્ધમાનસ્વામીના આ ભવ્ય જિનમંદિરમાં જિનભગવંતોની સ્થાપનાની આ મંગળ વિધિ દેખીને મુમુક્ષુઓનાં હૃદય ઉલ્લાસથી ઊછળી રહ્યાં હતા.

નીચેને વેદીમાં મૂળનાયક શ્રી વર્ધમાનસ્વામીને બિરાજમાન કરવાની વિધિનો અણમૂલો લાભ શ્રી તલકશી માણેકચંદ દોશીએ તથા શ્રી પોપટલાલ મોહનલાલ વોરાએ સંયુક્તપણે લીધો હતો. ઉપરની વેદીમાં મૂળનાયક શ્રી સીમંધર ભગવાનને બિરાજમાન કરવાની વિધિ ડો. કાંતિલાલ જગજીવનદાસ નાતાલિયા, હસ્તે શ્રી અનસુયાબેન તરફથી થઈ હતી.

ત્યારબાદ આ પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવના સમાપનરૂપે ઈન્દ્ર–ઈન્દ્રાણીઓ તથા જાપમાં બેસેલા ભાઈઓ સહિત પ્રતિષ્ઠાચાર્ય પંડિત ધન્નાલાલજી દ્વારા શાંતિયજ્ઞ કરાવવામાં આવ્યો હતો. એ રીતે વર્ધમાનપુરીમાં ખૂબ જ ઉલ્લાસ પૂર્ણ વાતાવરણમાં શાંતિથી, નિર્વિઘ્નપણે, “શ્રી વર્ધમાનસ્વામી દિગમ્બર જિનબંબ–પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવ” ઉજવાયો હતો, જેમાં હજારો મુમુક્ષુઓએ ભાગ લઈને સાનંદ ધન્યતા અનુભવી હતી.

બપોરે શ્રી સમયસારની ૩૧ મી ગાથા પરના પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક પ્રવચન બાદ, વર્ધમાનસ્વામીના જિનાલયની સ્થાપનાની પ્રસન્નતારૂપે એક ભવ્ય રથયાત્રા વર્ધમાનપુરીમાં ફરી હતી. અને એ રીતે વર્ધમાનશહેરના આંગણે ઉજવાયેલો ભવ્ય પ્રતિષ્ઠામહોત્સવ સાનંદ સમાપ્ત થયો હતો.

## વૈરાગ્ય સમાચાર :-

* સ્વ. પારેખ હીરાચંદ ભાઈચંદ માસ્તર ( રાજકોટ ) ના ધર્મપત્ની ઝબકબેન તા. ૪–૨–૭૬ ના રોજ હૃદયરોગની બિમારીથી રાજકોટ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણાં વર્ષો સોનગઢ રહ્યાં બાદ છેલ્લા કેટલાક સમયથી નાદુરસ્ત તબિયતના કારણે રાજકોટ રહેતા હતા. તેઓને દેવ–ગુરુ–ધર્મ પ્રતિ ખૂબ જ ભક્તિ હતી ને મરણની વહેલી સવારે પણ સોનગઢ જવા માટે ઝંખતા હતા.

* મોરબી નિવાસી વૃજલાલ મોહનલાલ ગાંધીના પુત્રી તથા કિશોરભાઈ રતિલાલ ગાંધીના ધર્મપત્ની અ. સૌ. અરૂણાબેન ( ઉં. વ. ૨૮ ) તા. ૨૨–૨–૭૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવ ઘાટકોપર પધારી રહ્યાનું જાણીને તેઓશ્રીનો લાભ લેવાની ખૂબ ભાવના ભાવતા હતા.

* વર્ષો સુધી સોનગઢ રહેલા ને નાદુરસ્ત તબિયતના કારણે હમણાં જ બોટાદ ગયેલા ઝબુભાઈ સ્વામીનો ફાગણ સુદ ૧ ના રોજ અચાનક દેહવિલય થયો છે. તેઓને સત્ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અનન્ય ભક્તિભાવ હતો. ઘણા વર્ષોથી પૂજ્ય ગુરુદેવની ધર્મામૃતમયી વાણીનો સતત લાભ લેતા હતા. તેમણે આત્મસ્મરણ પૂર્વક શાંતિથી દેહ છોડયો હતો.

સદ્ગત ધર્મપ્રેમી આત્માઓ દેવ–ગુરુ–ધર્મના પ્રતાપે સંચિત કરેલા અધ્યાત્મ–સંસ્કારબળે શાશ્વત સુખને પામો.

[ નોંધ :– વૈરાગ્ય સમાચારની પૂરતી વિગત **લખીને** મોકલવી. ]

હિન્દી આત્મધર્મ માસિકનું નવું વર્ષ જુલાઈ ‘૭૬ થી જૂન ૭૭’ રહેશે, જેનું પ્રકાશન શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી જ જયપુરથી થશે. હિન્દી આત્મધર્મના સંપાદક પંડિત હુકમચંદજી ભારિલ્લ ( જયપુર ) રહેશે. નવા વર્ષનું લવાજમ રૂપિયા ૬/ નીચે જણાવેલા સરનામે મોકલવા ગ્રાહકોને વિનંતી છે.

શ્રી મેનેજર,
શ્રી ટોડરમલ સ્મારક ભવન
એ/૪, બાપુનગર, જયપુર–૪ ( રાજસ્થાન )

## ❁ ગતાંકની શુદ્ધિ ❁

૧૮ મે પાને નીચેથી ચોથી લીટીમાં ‘શુદ્ધોપયોગ’ને બદલે ‘શુભોપયોગ’ સુધારીને વાંચવું.

# ૐ કેવળજ્ઞાનનો મહિમા ૐ

**મુનિરાજ નેમિનાથને ગિરનાર પર સહસ્રામ્રવનમાં કેવળજ્ઞાન પ્રગટ થતાં, તેના સમાચાર મળતાં, શ્રી સમુદ્રવિજય મહારાજાની રાજસભામાં મહારાજા તથા રાજાઓ હર્ષવિભોર બની ઉઠે છે અને તેઓ વચ્ચે કેવળજ્ઞાન અને શ્રી નેમિનાથ ભગવાનની ભક્તિપૂર્ણ ચર્ચા થઈ હતી. તે પ્રસંગને વર્ધમાન-પુરીમાં માનવમેદની સમક્ષ નાટકરૂપે રજૂ કરવામાં આવ્યો હતો. તે અત્રે આપવામાં આવેલ છે.**

[ રાજસભામાં દૂતનો પ્રવેશ ]

દૂતઃ–“નેમિનાથ પ્રભુનો જય હો”

અહો મહારાજ! હું ગિરનારથી આવ્યો છું ને એક ઉત્તમ મંગલ વધામણી લાવ્યો છું.

મહારાજા (સમુદ્રવિજય):– વાહ વાહ, કહો રાજદૂત! શી વધામણી છે! જલ્દી કહો.

દૂતઃ–આપણા રાજકુમાર નેમિનાથ કે જેમણે વિવાહ સમયે જ વૈરાગ્ય ધારણ કરીને ગીરનારના આમ્રવનમાં મુનિદીક્ષા લીધી હતી, તે મુનિરાજ વિહાર કરતાં કરતાં પુનઃ ગિરનારમાં પધાર્યા હતા, ને આજે જ શુદ્ધ ઉપયોગની ક્ષપકશ્રેણી માંડીને કેવળજ્ઞાન પામ્યા છે.

[ વાહ વાહ ધન્ય હો....ધન્ય હો એમ બધા રાજાઓ હર્ષનાદ કરે છે. ]

દૂતઃ–અહો, ભગવાને જે ગિરનારના આમ્રવનમાં દીક્ષા લીધી, તે જ ગિરનારના આમ્રવનમાં તેઓ કેવળજ્ઞાન પામ્યા. એક જ ક્ષેત્રમાં બે કલ્યાણકથી ગિરનારભૂમિ ધન્ય બની, તીર્થ બની.

દૂતઃ–અહો, મહારાજ! નેમિનાથ મુનિરાજ આજે આસો સુદ એકમે ગિરનારના સહસ્ત્ર–આમ્રવનમાં પધાર્યા ત્યાં તો હજારો આંબાના ઝાડ ફળફૂલથી ખીલી ઊઠયાં, જાણે ફળથી પ્રભુની પૂજા કરતા હોય. એક તરફ આંબાનું વન ખીલી ઊઠયું, બીજી તરફ પ્રભુનો રત્નત્રય બગીચો ખીલી ઊઠયો. અહો! એ શોભાની શી વાત કરું! નેમિપ્રભુ ત્યાં ધ્યાનમાં બેઠા. પરમ ચૈતન્યનું ઉત્તમ ધ્યાન પ્રગટ કરીને શુદ્ધોપયોગની શ્રેણી માંડી

ક્ષણમાત્રમાં તો પ્રભુ અતીન્દ્રિય આનંદમાં અપ્રમત્તભાવે ઝૂલતાં ઝૂલતાં ગુણસ્થાનની શ્રેણી ચઢવા માંડયા. આઠમું, નવમું, દશમું અને બારમું ગુણસ્થાન વટાવીને પ્રભુ કેવળજ્ઞાન પામ્યા.

દૂતઃ–અહા, ગિરનારધામ અને આખી પૃથ્વી આનંદમય બની. અત્યારે તો તે સહેસાવનમાં ઇન્દ્રો આવી પહોંચ્યા છે. કેવળજ્ઞાનની પૂજા કરી રહ્યા છે. સમવસરણની અદ્ભુત રચના થઈ ગઈ છે. ને સર્વજ્ઞ પ્રભુ નેમિનાથ તીર્થંકરની દિવ્યધ્વનિથી ગિરનારધામ ગાજી રહ્યું છે. અહા! એ અદ્ભુત શોભાની શી વાત કરું! પ્રભુની વાણીમાં તો પરમશાંત ચૈતન્યરસ નીતરી રહ્યો છે.

મહારાજાઃ–વાહ, ખરેખર આજે તો બધુંય મંગલ મંગલ ભાસે છે. આખું વિશ્વ જાણે મંગલમય લાગે છે.

મહારાણીઃ–બરાબર છે, ભગવાન નેમિનાથને તીર્થંકરપ્રકૃતિનો ઉદય આજે શરૂ થયો. ચૈતન્યમાં કેવળજ્ઞાનનો પ્રકાશ અને પુદ્ગલમાં તીર્થંકરપ્રકૃતિનો ઉદય એવો સર્વોત્કૃષ્ટ યોગ આજે ગિરનારના સહેસાવનમાં વર્તી રહ્યો છે.

રાજાઃ–૧ અને સાથે સાથે રત્નત્રયવંતા ગણધરો, અનેક મુનિવરો તથા વૈરાગી રાજુલમાતા પણ પ્રભુના સમવસરણમાં શોભી રહ્યા છે. જૈનશાસનનું ધર્મચક્ર ધમધોકાર ચાલી રહ્યું છે.

રાણીઃ–૧ ભગવાનના આત્મામાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ સર્વ પ્રકારે મંગલરૂપ છે.

રાજાઃ–૨ ભગવાન નેમિનાથનું આત્મદ્રવ્ય પરમપારિણામિકભાવે ત્રિકાળ મંગલરૂપ છે. તે દ્રવ્યમંગળ છે.

રાણીઃ–૨ કેવળજ્ઞાન અને અતીન્દ્રિય મહા આનંદથી ભરેલા અસંખ્ય ચૈતન્યપ્રદેશો તે ક્ષેત્રમંગળ છે. ને તેઓ જ્યાં બિરાજમાન છે, એવું ગિરનારતીર્થ પણ ક્ષેત્રમંગળ છે.

[ શ્રી વીરસેનસ્વામીએ ષટ્ખંડાગમની ટીકામાં ગિરનાર, પાવાપુરી, રાજગૃહી વિગેરે તીર્થોને મંગળ તરીકે યાદ કર્યા છે. ]

રાજાઃ–૩ અને એવી જ રીતે આ નગરી પણ તીર્થંકરના વિહારને લીધે તથા ધર્માત્માના અવતારને લીધે મંગળરૂપ છે.

રાણીઃ–૩ બરાબર છે. અને તેમાંય વળી તીર્થંકરના પંચકલ્યાણકનો મંગલ અવસર છે. અને મહા આનંદની વાત છે કે એક ભાવિ તીર્થંકર પણ મંગલરૂપે અહીં સાક્ષાત્ બિરાજી રહ્યા છે.

રાજાઃ–૪ ચૈતન્યના અવલંબને પ્રભુને જે અપૂર્વ પર્યાય પ્રગટી તે કાળમંગળ છે. અને આસો સુદ એકમનો દિવસ પણ મંગળ છે.

રાણીઃ–૪ અને, ભગવાન નેમિનાથનો આત્મા શુદ્ધોપયોગથી કેવળજ્ઞાન પ્રગટ કરીને પરમ આનંદરૂપે પરિણમી રહ્યો છે. તે ભાવમંગળ છે.

રાજાઃ–૫ અહા! જિનેન્દ્ર ભગવાનના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવનું મંગળપણું વિચારતાં આપણા ભાવોમાં પણ ચૈતન્યતત્ત્વનો કોઈ અગાધ મહિમા પ્રગટે છે. તે પણ ભાવમંગળ છે.

રાણીઃ–૫ વાહ! ઘણી જ સરસ વાત! આચાર્યભગવાને પણ કહ્યું છે કે જે જીવ ભગવાન અરિહંતદેવના આત્માને ચૈતન્યભાવે ઓળખે છે તે જીવ રાગ અને ચૈતન્યની ભિન્નતા જાણીને જરૂર સમ્યગ્દર્શન પામે છે. આ જ અરિહંતદેવના આત્માની સાચી ઓળખાણનું ફળ છે.

રાજાઃ–૬ નેમિનાથ ભગવાન આજે સર્વજ્ઞ થયા તે કઈ રીતે થયા? જુઓ સાંભળો....

"શુદ્ધોપયોગના પ્રસાદથી જ તેઓ સર્વજ્ઞ થયા છે. સર્વજ્ઞ થવાની પૂર્વક્ષણે તેઓ રાગનો ક્ષય કરીને સંપૂર્ણ વીતરાગ થયા ને પછી જ સર્વજ્ઞ થયા."

રાણીઃ–૬ આ રીતે, જે સંપૂર્ણ વીતરાગ થાય તે જ સર્વજ્ઞ થાય. રાગનો કોઈ અંશ સર્વજ્ઞતાનું કારણ થતું નથી. પોતાનો જ્ઞાનસ્વભાવ જ સ્વયંભૂપણે સર્વજ્ઞ થાય છે; એટલે પોતાના જ્ઞાનસ્વભાવનું અવલંબન તે જ સર્વજ્ઞતાનું સાધન છે. તેના છયે કારકો સ્વાધીનપણે પોતામાં જ છે.

રાજાઃ–૭ અહો, સર્વજ્ઞભગવંતો સ્વયંભૂ છે. જેમ આકાશમાં સૂર્ય કોઈના અવલંબન વગર પોતે જ સ્વયમેવ પ્રકાશ અને ઉષ્ણતારૂપ છે તેમ ચૈતન્યભગવાન આત્મા, બીજા કોઈના અવલંબન વગર પોતે જ સ્વયંભૂપણે જ્ઞાન ને આનંદરૂપ છે.

રાણીઃ–૭ સર્વજ્ઞ, લબ્ધસ્વભાવ ને ત્રિજગેન્દ્રપૂજિત એ રીતે,
સ્વયમેવ જીવ થયો થકો તેને સ્વયંભૂ જિન કહે.

રાજાઃ–૮ અહો, એ સ્વયંભૂ ભગવાન સર્વજ્ઞના દિવ્યજ્ઞાનના મહિમાનું શું કહેવું!

**"નિત્યે વિષમ, વિધવિધ સકળ પદાર્થગણ સર્વત્રનો,**
**જિનજ્ઞાન જાણે યુગપદે, મહિમા અહો એ જ્ઞાનનો!**

રાણીઃ–૮ અહા, પરમ આનંદમય એ સર્વજ્ઞપદ તો વીતરાગીસંતોને પણ વહાલું છે, તે પદ ઇષ્ટ છે.

**અર્થાન્તગત છે જ્ઞાન, લોકાલોકવિસ્તૃત દ્રષ્ટિ છે;**
**છે નષ્ટ સર્વ અનિષ્ટ ને જે ઇષ્ટ તે સૌ પ્રાપ્ત છે.**

રાજાઃ–૯ અહો, સર્વજ્ઞ થયેલા એ અરિહંતોના અતીન્દ્રિય આનંદનું શું કહેવું? પાંચ ઇન્દ્રિયના વિષયો વગરનો, પુણ્યફળ વગરનો એ સ્વાભાવિક આનંદ આત્મામાંથી જ ઉત્પન્ન થયેલો છે. કયાંય બહારથી આવેલો નથી.

**અત્યંત, આત્મોત્પન્ન, વિષયાતીત, અનુપ, અનંત ને**
**વિચ્છેદહીન છે સુખ અહો! શુદ્ધોપયોગપ્રસિદ્ધને.**

રાણીઃ–૯ અરિહંત ભગવાનને આત્મામાંથી જેવું સુખ ને જેવો આનંદ પ્રગટયો એવું સુખ ને એવો આનંદ તે આત્માનો સ્વભાવ જ છે. એવા આનંદસ્વભાવને સાંભળતા વેંત જે પ્રસન્ન થઈને જે જીવ તેની શ્રદ્ધા કરે છે તે મોક્ષગામી છે.

રાજાઃ–૧૦ હે જિનેન્દ્રભગવાન, ગિરનાર આપના કેવળજ્ઞાનથી તીર્થધામ બન્યો છે. હે પ્રભુ આપની દિવ્યધ્વનિના ધોધથી ગિરનારધામ ગાજી રહ્યું છે.

રાણીઃ–૧૦ “જે આભમાં જગત આ પરમાણુતુલ્ય,
તે અંતહીન નભનું જહીં પૂર્ણજ્ઞાન;
સહુ દ્રવ્યના યુગપદે ત્રણકાળ જાણે,
તે નાથને નમન હો મુજ નમ્રભાવે.”

(જગ્યાના અભાવે, વધુ આવતા અંકે)


## આત્મધર્મ માસિક–પત્ર સંબંધી માહિતી

| | |
|---|---|
| પ્રકાશન સ્થાન | :– શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) |
| પ્રકાશન તારીખ | :– દરેક માસની વીસમી તારીખ. |
| પ્રકાશક | :– શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ. |
| મુદ્રક | :– મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ. |
| સંપાદક | :– નાગરદાસ બેચરદાસ જૈન, સોનગઢ. |
| તંત્રી | :– પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર, ભાવનગર. |
| રાષ્ટ્રીયતા | :– ભારતીય. |
| માલિક | :– શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ. |

વ્યવસ્થાપક–(મેનેજર)


તા. ૨૦–૩–૭૬ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ.

પૂજ્ય ગુરુદેવના પવિત્ર કરકમલે



શ્રી જિનબિંબની અંકન્યાસ વિધિ

# શ્રી વર્ધમાનસ્વામી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ



વર્ધમાનપુરી ( વઢવાણ ) ના પ્રાંગણામાં શ્રી વર્ધમાનસ્વામીના નવનિર્મિત ૬૩ ફૂટ ઉન્નત ભવ્ય દિગંબર જિનમંદિરનો શ્રી જિનબિંબપંચકલ્યાણકપ્રતિષ્ઠામહોત્સવ પૂજ્ય ગુરુદેવના મંગલ પ્રભાવથી અત્યાનંદોલ્લાસપૂર્વક ઉજવાઈ ગયો. પરમપૂજ્ય ૧૦૦૮ શ્રી વર્ધમાનસ્વામીના વિશાળકાળ વીતરાગભાવવાહી જિનપ્રતિમાની તથા શ્રી સીમંધરસ્વામી, શ્રી નેમિનાથસ્વામી વગેરે અન્ય તીર્થંકરભગવંતોનાં જિનબિંબની તેમ જ શ્રી સમયસાર, શ્રી નિયમસાર જિનવાણીની અને શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવનાં ચરણચિહ્નની-વગેરેની પૂજ્ય ગુરુદેવનાં પવિત્ર કરકમળે મંગલ સ્થાપના થઈ. શ્રી વર્ધમાનસ્વામીની પધરામણીથી વિશાળ જિનમંદિરની ભવ્યતામાં સાતિશય વૃદ્ધિ થઈ. જિન અને જિનાલય બંનેની અતિ રમણીયતા ભાવિક ભક્તોનાં હૃદયને પુલકિત કરે છે.

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ. સોનગઢ ( સૌરાષ્ટ્ર ) ફાગણ
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત ૩૦૦૦